



# સંજોગ ન્યૂઝ


SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 132 | AD - 2024, Maha sud - 06 | Thursday, Dt.15-02-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### શંભુ બોર્ડર પર પોલીસ ખેડૂતો આમને સામને થતા સંયુક્ત કિસાન મોરચાની જાહેરાત

# ૧૬ ફેબ્રુઆરીએ ખેડૂતોએ આપ્યું ભારત બંધનું એલાન

## ખેડૂતોના વિરોધને લઇને સુરક્ષા એજન્સીઓ સતર્ક : પોલીસ

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૧૪

પંજાબ-હરિયાણાને અડીને આવેલી શંભુ બોર્ડર પર ખેડૂતો સતત પોતાની માંગણીઓ પર અડગ છે. એક તરફ ખેડૂતો પાછળ હટવા તૈયાર નથી તો બીજી તરફ હરિયાણા પોલીસ પણ હાર સ્વીકારી રહી નથી. પોલીસે પુરીની આખી બોર્ડર સીલ કરી દીધી છે. હરિયાણા સરકારે ૭ જિલ્લા અંબાલા, કુરુક્ષેત્ર, કૈથલ, જીંદ, હિસાર, ફતેહાબાદ, સિરસા અને ડબવાલીમાં ૧૫ ફેબ્રુઆરી સુધી ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવાનો આદેશ જાહેર કર્યો છે. પોલીસનું કહેવું છે કે ખેડૂતોના વિરોધને લઈને સુરક્ષા એજન્સીઓ સતર્ક અને કડક રહેશે. પંજાબ બોર્ડર પર હરિયાણા પોલીસ દ્વારા ડ્રોન દ્વારા ટીયર ગેસના શેલ છોડવાના મુદ્દે પટિયાલા ડીસીએ હરિયાણાના અંબાલાના ડીસી અને એસપીને પત્ર લખ્યો છે અને વાંધો ઉઠાવ્યો છે.

આ વખતે પ્રશાસને હરિયાણા અને દિલ્હીના કોઈપણ માર્ગ પર ખેડૂતોને વિરોધ પ્રદર્શન કરવાની સત્તાવાર મંજૂરી આપી નથી. ગત વખતે પસંદ કરેલા માર્ગો પર ખેડૂત આંદોલન અને પ્રદર્શન માટે પરવાનગી આપવામાં આવી હતી, પરંતુ ખેડૂત સંગઠનોએ તેનું ઉલ્લંઘન કર્યું હતું. ખેડૂત વિરોધીઓને કાયદો અને વ્યવસ્થા સંબંધિત તમામ પાસાઓ વિશે પહેલાથી જ જાણ કરવામાં આવી છે. વહીવટીતંત્રનું કહેવું છે કે આમ છતાં જો અલગ-અલગ વિરોધ કરી રહેલા લોકો પરવાનગી વગર રૂટ પર આવશે તો તેમની સામે કડક કાર્યવાહી



કરવામાં આવશે.

તે દરમિયાન, ગઈકાલે ડ્રોન દ્વારા ટીયર ગેસના શેલ છોડવામાં આવતા ઘણા ખેડૂતોને ગંભીર ઈજાઓ થઈ હતી. પટિયાલા ડીસીએ હરિયાણાના અંબાલાના ડીસી અને એસપીને પત્ર લખીને ડ્રોન દ્વારા ટીયર ગેસના શેલ છોડવાના મુદ્દે વાંધો ઉઠાવ્યો છે. તેમનું કહેવું છે કે પંજાબ બોર્ડરમાં પરવાનગી વગર ડ્રોન ઉડાડવામાં ન આવે. જે બાદ આજે સવારથી હરિયાણા પોલીસે ડ્રોન દ્વારા ભીડ પર ટીયર ગેસના શેલ છોડ્યા નથી. જો કે, હરિયાણા પોલીસ દ્વારા ભીડને હરિયાણા સરહદમાં પ્રવેશતી રોકવા માટે અન્ય તમામ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આ દરમિયાન સિંધુ બોર્ડર પર સોનીપતના કમિશનર અને દિલ્હી પોલીસના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં માત્ર ત્યાંની સ્થિતિ પર ચર્ચા થઈ હતી. કૃષિ મંત્રી અર્જુન મુંડાએ ખેડૂતોના આંદોલન પર કહ્યું છે કે, અસામાન્ય સ્થિતિ સર્જવાથી કંઈ ઉકેલ નહીં આવે. તેમજ શંભુ બોર્ડર પર ખેડૂતો યુદ્ધ માટે તૈયાર છે. ખેડૂતો બેરિકેડ તોડવા માટે જેસીબી મશીન મંગાવી રહ્યા છે. હરિયાણા પોલીસના ડ્રોનને નીચે લાવવા માટે ખેડૂતો પતંગનો ઉપયોગ કરી રહ્યા છે. તે જ સમયે, ખેડૂતોએ ટીયર ગેસના શેલને નિષ્ક્રિય કરવા માટે પાણીના સ્પ્રે અને ભીની કોથળીઓનો ઉપયોગ કર્યો છે.


'દિલ્હી ચલો' આહ્વાનથી ખુદને અલગ કરતા સંયુક્ત કિસાન મોરચાએ સમાજના વિવિધ વર્ગોના લોકોને ૧૬ ફેબ્રુઆરીએ ભારત બંધનું આહવાન કર્યું છે. સંયુક્ત કિસાન મોરચાએ ૧૬ ફેબ્રુઆરીએ ભારત બંધને લઈને પ્રોગ્રામ જાહેર કર્યો છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કોર્પોરેટ લૂંટ ખતમ કરવા, ખેતી બચાવવા, ભારત બચાવવા માટે ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૪ના સવારે ૬ કલાકથી સાંજે ૪ કલાક સુધી ગ્રામીણ ભારત બંધ રહેશે. નિવેદનમાં કહેવામાં આવ્યું કે ૧૬.૦૨.૨૦૨૪ ના સવારે ૬ કલાકથી સાંજે ૪ કલાક સુધી ગ્રામીણ વિસ્તાર બંધ રહેશે. ગામમાં બધી કૃષિ ગતિવિધિઓ, મનરેગા કાર્યો, ગ્રામીણ કાર્યોને બંધ રાખવામાં આવશે. કોઈપણ કિસાન, ખેત મજૂર અને ગ્રામીણ મજૂર કામ પર જશે નહીં.

# નરેન્દ્ર મોદીએ અબુધાબીમાં પહેલા હિન્દુ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું

નવીદિલ્હી,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંયુક્ત આરબ અમીરાતની બે દિવસની મુલાકાતે હતાં. આજે તેઓએ અબુધાબીના પહેલા હિન્દુ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

અબુધાબીમાં ૨૭ એકરમાં ફેલાયેલા પ્રથમ હિન્દુ મંદિરનું લોકાર્પણ કર્યું હતું. મોદીએ મંદિરમાં હાજર મૂર્તિઓની પૂજા કરી હતી. BAPS સંતો સાથે મૂર્તિઓની પૂજા કરી, અક્ષર



પુરુષોત્તમ મહારાજને પુષ્પાંજલિ અર્પણ કરી. આ મંદિરનું નિર્માણ બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા એટલે કે BAPS દ્વારા કરવામાં આવ્યું છે. તેની લાગત ૭૦૦ કરોડ રૂપિયા છે. પીએમ મોદી ૧૩ જાન્યુઆરીએ દુબઈ પહોંચ્યા હતા. અહીં તેઓ રાષ્ટ્રપતિ ઝાયેદ અલ નાહયાનને મળ્યા હતા. આ દરમિયાન બંને વચ્ચે દ્વિપક્ષીય બેઠક થઈ હતી. પીએમ મોદીએ ભારતીય સમુદાયને પણ સંબોધન કર્યું હતું. ૬૫ હજાર ભારતીયોને કહ્યું- રાષ્ટ્રપતિ નાહયાને એક ક્ષણ પણ બગાડ્યા વિના મંદિરના પ્રસ્તાવ પર હા પાડી. તેમણે મને ત્યાં સુધી કહ્યું કે હું મંદિર માટે જ્યાં પણ રેખા ખેંચીશ, તેઓ મને તે જમીન આપી દેશે.

# રાજસ્થાનમાં રાજ્યસભાની ચૂંટણી માટે સોનિયા ગાંધીએ નામાંકન રજૂ કર્યું

(એ.આર.એલ),જયપુર,તા.૧૪

કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ રાજસ્થાનથી રાજ્યસભા માટે ઉમેદવારી ફોર્મ ભર્યું છે. પ્રક્રિયા પૂરી કરવા માટે આજે સોનિયા ગાંધી રાજસ્થાનના જયપુર પહોંચ્યા હતા. તેમની સાથે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી બંને હાજર રહ્યા હતા. આ ઉપરાંત કોંગ્રેસના નેતાઓ અને સમર્થકો પણ ઉમટી પડ્યા હતા. અત્રે જણાવવાનું કે હાલ સોનિયા ગાંધી



ઉત્તર પ્રદેશના રાયબરેલીથી લોકસભા સાંસદ છે. કોંગ્રેસે સોનિયા ગાંધી ઉપરાંત ચાર અન્ય ઉમેદવારોના નામની પણ જાહેરાત કરી છે. જેમાં બિહારથી અખિલેશ પ્રસાદ, હિમાચલ પ્રદેશથી અભિષેક મનુ સિંઘવી, અને મહારાષ્ટ્રથી ચંદ્રકાંત હંડોરેના નામ સામેલ છે. સોનિયા ગાંધીએ આમ જ રાજસ્થાનની પસંદગી નથી કરી. એવી ચર્ચા છે કે તેઓ રાયબરેલી સીટ પુત્રી પ્રિયંકા ગાંધી વાડ્રા માટે છોડી રહ્યા છે. બરાબર એ જ રીતે જે રીતે તેમણે અમેઠી બેઠક પુત્ર માટે છોડી હતી. રાજસ્થાનમાં રાજ્યસભાની ૩ બેઠકો માટે ચૂંટણી થવાની છે. કોંગ્રેસ ત્યાં એક સીટ જીતવાની સ્થિતિમાં છે.

### લોકોના જીવનમાં સરકારની દખલગીરી ઓછી હોવી જોઇએ, વડાપ્રધાન મોદીનું વર્લ્ડ ગવર્મેન્ટ્સ સમિટને સંબોધન

# આજે દુનિયાને એવી સરકારની જરૂર છે જે બધાને સાથે લઈને ચાલે : મોદી

દુબઈ,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે કહ્યું કે હું માનું છું કે આજે દુનિયાને એવી સરકારની જરૂર છે જે બધાને સાથે લઈને ચાલે. તેઓ દુબઈમાં વર્લ્ડ ગવર્મેન્ટ્સ સમિટમાં બોલી રહ્યા હતાં.

પીએમ મોદીએ કહ્યું, 'દુબઈ જે રીતે વૈશ્વિક અર્થતંત્ર, વાણિજ્ય અને ટેક્નોલોજીનું વૈશ્વિક કેન્દ્ર બની રહ્યું છે તે મોટી વાત છે.' તેમણે કહ્યું કે આજે આપણે ૨૧મી સદીમાં છીએ. એક તરફ દુનિયા આધુનિકતા તરફ આગળ વધી રહી છે તો બીજી તરફ છેલ્લી સદીથી ચાલી રહેલા પડકારો પણ એટલા જ વ્યાપક બની રહ્યા છે. પછી તે ખાદ્ય સુરક્ષા હોય, આરોગ્ય સુરક્ષા હોય, જળ સુરક્ષા હોય, ઉર્જા સુરક્ષા હોય કે શિક્ષણ હોય. દરેક સરકાર તેના નાગરિકો પ્રત્યે ઘણી જવાબદારીઓથી બંધાયેલી હોય છે. આજે દરેક સરકાર સમક્ષ પ્રશ્ન એ છે કે તેણે કયા અભિગમ સાથે આગળ વધવું જોઈએ. હું માનું છું કે આજે દુનિયાને એવી સરકારની જરૂર છે જે દરેકને સાથે લઈ જાય.

પીએમએ કહ્યું, 'મારું માનવું છે કે સરકારની ગેરહાજરી હોવી જોઈએ અને સરકારનું દબાણ ન હોવું જોઈએ. તેના બદલે, હું માનું



છું કે લોકોના જીવનમાં સરકારી દખલગીરી ઓછી થાય તે સુનિશ્ચિત કરવાનું કામ સરકારનું છે. આ ૨૩ વર્ષોમાં સરકારમાં મારો સૌથી મોટો સિદ્ધાંત રહ્યો છે - 'ન્યૂનતમ સરકાર, મહત્તમ શાસન'. મેં હંમેશા એવું વાતાવરણ ઊભું કરવા પર ભાર મૂક્યો છે જેમાં નાગરિકોમાં સાહસ અને ઊર્જાની ભાવનાનો વિકાસ થાય.

તેમણે વધુમાં કહ્યું કે, 'સબકા સાથ-સબકા વિકાસ'ના મંત્રને અનુસરીને, અમે સંતૃપ્તિના અભિગમ પર ભાર આપી રહ્યા છીએ. સંતૃપ્તિના અભિગમનો અર્થ એ છે કે કોઈ પણ લાભાર્થીને સરકારી યોજનાઓના લાભોથી વંચિત ન રહેવું જોઈએ, સરકારે પોતે જ તેમના સુધી પહોંચવું જોઈએ. શાસનના આ મોડેલમાં, ભેદભાવ અને ભ્રષ્ટાચાર બંનેનો અવકાશ સમાપ્ત થાય છે. પીએમ મોદીએ એમ પણ કહ્યું કે, 'દુબઈ આજે વૈશ્વિક ટેક્નોલોજીનું કેન્દ્ર બની રહ્યું છે અને વર્લ્ડ ગવર્નમેન્ટ સમિટ વિશ્વભરના વિચારશીલ નેતાઓને એકસાથે લાવવાનું પ્લેટફોર્મ બની ગયું છે.













# વડીયા- અમરનગર રોડ માટે જોબ નંબર અપાવતા કૌશિક વેકરીયા

## રિસર્ફેસના કામ માટે રૂ.૨ કરોડની રકમ રાજય સરકાર દ્વારા મંજૂર

અમરેલી, તા.૧૪

અમરેલી- વડીયા કુંકાવાવના ધારાસભ્ય અને વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ પોતાના મતવિસ્તારમાં રસ્તાઓના કામો તાત્કાલીક ધોરણે મંજૂર થાય તે માટે રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ ભારપૂર્વક રજૂઆત કરી હતી. જેના અનુસંધાને સરકાર દ્વારા માર્ગ અને મકાન વિભાગના પંચાયત હસ્તકના



વડીયા- અમરનગર રોડ અંદાજિત ૪ કિ.મી. રસ્તાના રિસર્ફેસના કામ માટે રૂ.૨ કરોડની રકમ રાજય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે. ટૂંક સમયમાં આ રસ્તાનું રિકાર્પેટનું કામ શરૂ થશે. આ કામ મંજૂર થતા આ વિસ્તારના લોકોએ કૌશિકભાઈનો આભાર વ્યકત કર્યો હતો.

# રાજુલાના કાતર ગામે રહેણાંક વિસ્તારમાં આંટાફેરા કરતા દીપડાને વનવિભાગે ઝડપી પાડ્યો

અમરેલી,તા.૧૪

રાજુલાના કાતર ગામના સીમ વિસ્તારમાં ફરી રહેલા એક દીપડાને વનવિભાગે પાંજરે પૂર્યો હતો. દીપડાઓ ગ્રામ્ય વિસ્તારના લોકો ઉપર હુમલો કરે તે પહેલાં તેમને પકડવા માટેની કામગીરી કરાઈ રહી છે. ગ્રામ્ય વિસ્તારમાંથી લોકોની રજૂઆતો આવ્યા બાદ વનવિભાગ



દીપડા ઉપર નજર રાખી માનવ વસાહતમાં અવરજવર કરતા હોય તેવા દીપડાને તાત્કાલિક પાંજરે પુરી દેવાય છે. રાજુલા રેન્જમાં આવેલ કાતર ગામની સીમમાં દેવશીભાઈ રણછોડભાઈ મકવાણાની વાડીમાં દીપડાને પકડવા માટે પાંજરું રાખવામાં આવ્યું હતું. મોડી રાતે રાજુલા રેન્જ વનવિભાગની ટીમ દ્વારા દીપડાને પાંજરે પુરી દેવામાં સફળતા મળી છે. દીપડાને પાંજરે પુરી જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવશે.

# અમરેલીના શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં વસંતપંચમીની ઉજવણી

અમરેલી, તા.૧૪

અમરેલીમાં આવેલ શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં વસંતપંચમીના તહેવારની સાથે જ શિક્ષાપત્રી જયંતી




હોય સરસ્વતી પૂજન અને શિક્ષાપત્રી પૂજન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે શાળાના સંચાલક દીપકભાઈ વઘાસીયાની પ્રેરક હાજરીમાં ધો.૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓ દ્વારા સુંદર કાર્યક્રમોનું આયોજન કરાયુ હતું.

# રાજુલામાં હોસ્પિટલ ચોકથી માર્કેટીંગ યાર્ડ સુધીનો રસ્તો પહોળો કરવા રેલવે દ્વારા મંજૂરી

રાજુલા,તા.૧૪

રાજુલા શહેરમાં હોસ્પિટલથી માર્કેટિંગ યાર્ડ સુધીનો રસ્તો પહોળો કરવા માટે રેલવે વિભાગ દ્વારા નગરપાલિકાને મંજૂરી આપવામાં આવતા આનંદની લાગણી પ્રસરી છે. અહી ભેરાઈ રોડ અને છતડીયા રોડ ઉપર ભારે ટ્રાફિક સર્જાતો હતો, પરંતુ રેલવેની જગ્યા હોવાને કારણે રસ્તાને



પહોળો કરવામાં મુશ્કેલી સર્જાતી હતી, નગરપાલિકા દ્વારા મંજૂરી માંગવામાં આવી હતી, જેને પગલે રેલવે વિભાગે રસ્તો કાઢવા માટે મંજૂરી આપતા શહેરમાં ટ્રાફિક સમસ્યા દૂર થશે. આ બાબતે રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, રવુભાઈ ખુમાણ દ્વારા સાંસદ નારણભાઈ કાછડીયાને રજૂઆત કરતા રેલવે વિભાગમાંથી મંજૂરી મળી જતા નગરપાલિકાએ પત્ર પાઠવ્યો હતો.

# અમરેલી જુના યાર્ડમાં ચોરી કરનાર ઈસમને પ્રવેશબંધી કરાઈ

અમરેલી, તા.૧૪

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અમરેલી સબયાર્ડમાં ગત તા. ૧૩ ના રોજ બહારના છુટક મજૂરી કરતા એક મજૂર દ્વારા શાકભાજીના અલગ-અલગ ખુલ્લા પ્લોટમાંથી શાકભાજીની ચોરી કરી શાકભાજી બહાર વેચી નાખેલ જેની જાણ ઓફિસમાં થતા, વેપારીની દુકાનના સીસીટીવી ચેક કરતા આ મજૂરીકામ કરતો ઈસમ કરીમ અબ્દુલભાઈ જીવાણી ચોરી કરતો હોવાનું જણાતા તેને બોલાવી પૂછપરછ કરતા તેણે અવારનવાર ચોરી કરી હોવાનું કબુલ કરતા આવા ચોરીના દુષણને ડામવા ચોરી કરનાર કરીમ અબ્દુલ જીવાણીને યાર્ડના ચેરમેન શૈલેષ સંઘાણીએ દંડનીય કાર્યવાહીના ભાગરૂપે સબયાર્ડના ચોગાનમાં કાયમી પ્રવેશબંધી ફરમાવી હતી તેમ સેક્રેટરી તુષાર હપાણીની યાદીમાં જણાવાયુ છે.

# ચલાલાનાં મફત પ્લોટમાં ગાયત્રી ફીડરનો ફોલ્ટ દૂર થતાં સ્થાનિક રહીશો ખુશખુશાલ

ચલાલા,તા.૧૪

ચલાલામાં આવેલ હુડકો-મફત પ્લોટ વિસ્તારમાં ગાયત્રી ફિડરમાં છેલ્લા બે વર્ષથી રહેલ ફોલ્ટ દૂર થતાં સ્થાનિક રહીશોએ પીજીવીસીએલ અને અખબારી જગતનો આભાર માન્યો હતો. બે વર્ષથી આ ફોલ્ટને કારણે વીજળી ખૂબ જ અનિયમિત રહેતી હતી. જેના કારણે સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. આ મામલે પીજીવીસીએલમાં અનેક વખત રજૂઆત કરવા છતાં વીજળી અનિયમિત મળતી હતી. આ મામલે સામાજીક આગેવાન સુર્યવીરભાઈ વાળાએ પત્રકારને જાણ કરી હતી. આ મામલે પત્રકારે પીજીવીસીએલના અધિકારીઓ સાથે વાત કરતાં જાણવા મળ્યું કે, કેબલ ન હોવાને કારણે ફોલ્ટ દૂર થતો નથી. જોકે અધિકારીઓએ ખાત્રી આપ્યા બાદ બે વર્ષનો ફોલ્ટ ૮ દિવસમાં દૂર કરવામાં આવ્યો હતો. આ ફોલ્ટ દૂર થવાને કારણે સ્થાનિક લોકોમાં સંતોષ સાથે આનંદની લાગણી વ્યાપી ગઈ હતી.

# બાબરામાં સરકારી કોલેજ મંજૂર કરાવતા જનક તળાવીયા

## રૂ. ૩.૨૩ કરોડના ખર્ચે નવી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ મંજૂર કરાવી

બાબરા, તા.૧૪

બાબરા વિસ્તારમાં એક પણ સરકારી કોલેજ ન હોવાથી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે અમરેલી મુકામે જવું પડતું હતું. આ બાબતે ધારાસભ્ય



જનકભાઈ તળાવીયાના બાબરા તાલુકાના પ્રવાસ દરમિયાન તેઓ સમક્ષ વિદ્યાર્થીઓ તેમજ સ્થાનિક આગેવાનો દ્વારા બાબરા ખાતે નવી સરકારી કોલેજ મંજૂર કરાવવા બાબતે રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતના પગલે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા વારંવાર શિક્ષણ વિભાગ તેમજ શિક્ષણ મંત્રી પાસે રૂબરૂ જઈ સરકારના પ્રવર્તમાન નિયમો મુજબ દરખાસ્ત તૈયાર કરાવી બાબરા ખાતે નવી સરકારી કોલેજ ટૂંક સમયમાં મંજૂર કરાવવા માટે સતત પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આમ ધારાસભ્યની સફળ રજૂઆતના પગલે ખૂબ જ ટૂંકા સમયમાં બાબરા ખાતે રૂ. ૩.૨૩ કરોડના ખર્ચે નવી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ મંજૂર કરવામાં આવતા બાબરા તાલુકા તેમજ બાબરા શહેરના વિદ્યાર્થીઓ અને આગેવાનો, તાલુકાની જનતાએ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર માન્યો હતો.

# સૌરાષ્ટ્ર યુનિ.ના બી.એડ કોલેજના સેમેસ્ટર-૩નું એમ.એ.માં ગજેરા મહિલા કોલેજનું ૧૦૦ ટકા પરિણામ

અમરેલી, તા.૧૪

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બી.એડ કોલેજના સેમેસ્ટર-૩નું એમ.એ.નું ગજેરા મહિલા કોલેજનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. કોલેજે ૧૦૦ ટકા ડિસ્ટીંક્શન પ્રાપ્ત કર્યુ હતું. જેને લઈ સ્ટાફ, સ્ટુડન્ટ્સને સંકુલ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# સાવરકુંડલા તાલુકાનાં હિપાવડલી ગામે ૧૯૯ મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૧૪

સાવરકુંડલા તાલુકાનાં હિપાવડલી ગામ ખાતે આવેલ સુપ્રસિધ્ધ લટુરીયા હનુમાનજી આશ્રમ ખાતે મહામંડલેશ્વર જસુબાપુના સાનિધ્યમાં રણછોડદાસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટનાં સહયોગથી ૧૯૯ મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ કેમ્પ યોજાયો હતો. જેમાં



આંખના વિવિધ રોગોથી પીડાતા દર્દીઓની તપાસ કરી દવા વિનામૂલ્યે તેમજ મોતિયાના ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને સ્પેશ્યલ વાહન દ્વારા હોસ્પિટલ લઈ જઈ ઓપરેશન પણ વિનામૂલ્યે કરી આપવામાં આવ્યા હતા. આ કેમ્પમાં આવતા દર્દી માટે આશ્રમમાં પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કેમ્પમાં કુલ ૧૫૦ દર્દીઓની તપાસ, નિદાન કરી સારવાર આપવામાં આવી હતી તેમજ ૪૦ દર્દીઓને મોતિયા ઓપરેશનો કરી આપવામાં આવ્યા હતાં.

# યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સમૂહ લગ્નોત્સવ અને કાનજી ભુટ્ટા બારોટ એવોર્ડની તડામાર તૈયારી

સાવરકુંડલા,તા.૧૪

યુગ નિર્માણ ગાયત્રી ટ્રસ્ટ દ્વારા ૧૭ ફેબ્રુઆરીના રોજ ચલાલાના રત્ન કાનજી ભુટા બારોટનાં નામથી એવોર્ડ આપવાનો કાર્યક્રમ યોજાશે. જેમાં ખાસ મોરારીબાપુ પણ ઉપસ્થિત રહેવાના છે. સાથે જ સાંજે ભવ્ય લોકડાયરો કે જેમાં અરવિંદ બારોટ, મેરામણભાઈ ગઢવી,



રાજભા ગઢવી, હિતેશ અંટાળા, ગોપાલ બારોટ, અભિરાજ બારોટ, જગદીશ ત્રિવેદી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે. આ ઉપરાંત ૧૮ ફેબ્રુઆરીના રોજ સર્વ જ્ઞાતિય સમૂહલગ્નની ભવ્ય તડામાર તૈયારી ગાયત્રી પરિવાર દ્વારા ચાલી રહી છે. આ આયોજન માટે મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતા તથા ગાયત્રી સંસ્કાર ધામની સમગ્ર ટીમ અને સમગ્ર ગ્રામજનો તેમજ સાથી મિત્રો દ્વારા ભવ્ય રીતે તૈયારીઓ હાથ ધરાઈ રહી છે.









# મહુવા રોડ પર ટ્રક ડિવાઈડર સાથે અથડાતા વીજપોલને નુકસાન

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલા શહેરનાં મહુવા રોડ પર આવેલ મુક્તેશ્વર મહાદેવ મંદિર સામે એક મહાકાય ટ્રક ડિવાઈડર પર ચડી ગયો અને વીજપોલને નુકસાન કરતાં વહેલી સવારે ચાર વાગ્યાથી વીજળી ગુલ થઈ ગઈ હતી. મહત્વની વાત એ છે કે બાયપાસ શરૂ થઈ ગયો છે એને પણ ઘણો સમય થયો છે છતાં પણ આ ટ્રક વહેલી સવારે શહેરમાં ઘૂસી ડિવાઈડર પર ચડી ગયો અને વીજપોલને નુકસાન થયું. સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નથી પરંતુ આવી ઘટના અનેક વખત બની રહી છે.




ત્યારે શહેરની મધ્યમાંથી આવા મહાકાય ટ્રક અને કન્ટેનરો માટે ખાસ બાયપાસ કરોડોના ખર્ચે બનાવવામાં આવ્યો છે અને અવારનવાર ટ્રક શહેરમાં ઘૂસી જઈ નુકસાન કરી રહ્યા છે ત્યારે નાઈટ ડ્યુટી કરતા પોલીસની ફરજ પર પણ ક્યાંક ને ક્યાંક સવાલ ઊભા થઈ રહ્યા છે.

# દામનગર બસ સ્ટેશનમાં મુકેલ સમય પત્રકમાં કેટલાય રૂટ ગાયબ

દામનગર, તા.૧૪

દામનગર બસ સ્ટેશનમાં મુકેલ સમય પત્રકમાં કેટલાય રૂટના નામ ન હોવાને કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. દામનગરમાં અંદાજે રૂ.૯૦ લાખના ખર્ચે નવું બસ સ્ટેન્ડ બનાવ્યું ત્યારે શહેરીજનોમાં આનંદ છવાઈ ગયો હતો. જ્યારે આજના દિવસે કહેવાતા વિકાસના દાવાઓ વચ્ચે અહીંયા સમયપત્રકમાં કેટલાય રૂટના નામ અને સમયનું નામો નિશાન નથી. મુસાફરો માટે ચલાવવામાં આવતી એસ.




ટી. બસોથી પ્રવાસ કરવામાં સલામતી અને સરળતા રહે છે. નવા રૂટ ફાળવવામાં અને બંધ કરાયેલ રૂટ શરૂ કરવામાં પણ સ્ટાફની ઘટ બતાવવામાં આવે છે, એ તો ઠીક છે પરંતુ આ સમયપત્રકમાં નહિ લખાયેલ રૂટ -સમય લખવામાં આવે એવી મુસાફર વર્ગમાંથી માંગ ઉઠી છે.

# રાજુલાના મોરંગી ગામનો વેપારી લાપતા થતા અનેક તર્ક વિતર્ક

## મરીન પીપાવાવ પોલીસે આગળની તપાસ હાથ ધરી

રાજુલા, તા.૧૪

રાજુલા મોરંગી ગામે રહેતો એક વેપારી વિકટર ગામે તેની મોટર સાયકલ પાર્ક કરીને ક્યાંક જતો રહ્યો હતો. જેને લઈ અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે. ગહનભાઈ અશોકભાઈ જોષી (ઉ.વ.૩૯)એ જાહેર કર્યા મુજબ, અનુપભાઈ અશોકભાઈ જોષી મોરંગીથી મોટર સાયકલ લઈને નીકળ્યા હતા અને વિકટર ગામે પાર્ક કરી ક્યાંક જતા રહ્યા હતા. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ હિંમતભાઈ એલ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# કતારથી આઠ પૂર્વ નેવી અધિકારીનો નિર્દોષ છુટકારો થતાં સુરેશ પાનસુરીયાનો આવકાર

સાવરકુંડલા, તા.૧૪

કતારથી મોદી સરકારની મધ્યસ્થી દ્વારા આઠ પૂર્વ નેવી અધિકારીનો નિર્દોષ છુટકારો થતાં અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયાએ તમામને આવકારી હાર્દિક શુભકામનાઓ પાઠવી સાથે સાથે મોદી સરકારની ડિપ્લોમસી અને દુરંદેશી તથા કૂનેહના ભારોભાર વખાણ કર્યા હતા.

કતારમાં ભારતના આઠ પૂર્વ નેવી અધિકારીને પકડી જાસૂસીના ખોટા કેસમાં ફસાવીને ફાંસીની સજા ફટકારી દીધી હતી અને પછી



મોદી સરકારની મધ્યસ્થીથી તેમની ફાંસીની સજા પહેલા આજીવન કેદમાં અને હવે નિર્દોષ છુટકારો શકય બન્યો. મોદી સરકારની આ કૂનેહ અને ડિપ્લોમસીને અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયાએ આવકારી હતી અને મુક્ત થઈને સ્વદેશ પરત ફરતાં તમામને હાર્દિક અભિનંદન પણ પાઠવ્યા હતાં.

# બાબરાની વિવિધ માંગોને લઈ શંભુભાઈ પાંચાણીની રજૂઆત

અમરેલી, તા.૧૪

બાબરામાં ભુગર્ભ ગટરના ત્રણેય સમ્પ ચાલુ કરવા અને ખુલ્લી ગટરના પાણી રોડ ઉપર ફરી વળતા હોય તે બંધ કરાવવા અને ભુગર્ભ ગટરના ઢાંકણા રોડ લેવલે ઉંચા કરવા અને વિદ્યાર્થીઓ માટે રમત ગમતનું મેદાન ફાળવવા તેમજ બાબરાનો વિકાસ થાય તે માટે નવા ઉદ્યોગ શરૂ




કરવા માટે ધારસભ્ય અને ચીફ ઓફિસરને બાબરાના સામાજિક આગેવાન શંભુભાઈ પાંચાણી દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

# જાફરાબાદના ચકચારી ખૂન કેસમાં આરોપીઓનો નિર્દોષ છૂટકારો

અમરેલી, તા.૧૪

જાફરાબાદના વઢેરા ગામે વર્ષ ૨૦૨૨ માં ખૂનનો ચકચારી બનાવ બન્યો હતો. જાફરાબાદના વઢેરા ગામે ૨૦૨૨માં ફરીયાદી અફઝલભાઈ રહેમાનભાઈ મનસુરી તથા તેમના ભાઈ જુસબભાઈ રહેમાનભાઈ મનસુરી અને તેના મોટબાપુનો દીકરો રહીમભાઈ ઓસમાણભાઈ મનસુરી વઢેરા ગામમાં મચ્છી માર્કેટ પાસે ઉભા હતા ત્યારે ગામના જ જસાભાઈ બાબુભાઈ વાઘેલા, રાકેશભાઈ જસાભાઈ વાઘેલા તથા વિનોદભાઈ જસાભાઈ વાઘેલા સાથે બોલાચાલી બાદ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા જસાભાઈએ ધોકા વડે ફરીયાદીના ભાઈને જુસબભાઈને માર મારી પાડી દીધા હતા અને રાકેશભાઈ અને વિનોદભાઈએ છરી વડે હુમલો કરી હત્યા નીપજાવી હતી. આ કેસ રાજુલા એડિશ્લન જજ એમ. એસ સોનીની કોર્ટમાં ચાલી જતા બચાવપક્ષની ધારદાર દલીલોને ધ્યાને રાખી અને ફરિયાદ પક્ષ કેસ સાબિત ન કરી શકતા ત્રણેય આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો હતો. બચાવપક્ષે એડવોકેટ ઉદયન ત્રિવેદી, સાકીરભાઈ ત્રવાડી, હરનીલ ત્રિવેદી તેમજ રાજુલાના કીર્તિ પરમારે દલીલો કરી હતી.

# વિદ્યાસભા સંકુલના વિદ્યાર્થીઓ ફરી નેશનલ કક્ષાએ ઝળક્યા

## હેન્ડબોલ સ્પર્ધામાં કાંસ્ય પદક મેળવી શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ


અમરેલી, તા.૧૪

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સંયુકત ઉપક્રમે જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલના હેન્ડબોલના




ખેલાડીઓની ૪૫મી જૂનિયર ગર્લ્સ નેશનલ હેન્ડબોલ ચેમ્પિયનશીપ બિહારના છાપરા મુકામે યોજાઈ હતી. જેમાં વિદ્યાસભા સંકુલની ત્રણ વિદ્યાર્થિનીઓ હડીયા સુમિતા, સોલંકી દિવ્યા અને મકવાણા ક્રિષ્નાએ ભાગ લીધો હતો અને સ્પર્ધામાં કાંસ્ય પદક મેળવી શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ સમગ્ર ડીએલએસ સ્ટાફ તમામ પ્રિન્સિપાલ તેમજ મેનેજમેન્ટ અને સ્ટાફ દ્વારા તેમને અભિનંદન અને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય,
સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી


# સા.કુંડલા યાર્ડમાં ચણાના સારા ભાવ મળતા ખેડૂતોમાં ખુશી

અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લો ખેતી આધારીત જિલ્લો છે ત્યારે સાવરકુંડલા માર્કેટીંગ યાર્ડ જિલ્લાનું બીજા નંબરનું મોટુ માર્કેટીંગ યાર્ડ છે. અહીં છેલ્લા એક અઠવાડિયાથી ચણાની બમ્પર આવક જોવા મળી રહી છે. જોકે, આ વર્ષે ચણાના વાવેતરમાં સુકારો આવ્યો હોવાથી ચણાના ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો છે. ગયા વર્ષે એક વિઘામાં ૩૦થી૩૫ મણનો ઉતારો આવ્યો હતો તેની સામે આ વર્ષે ૧૫થી ૨૦ મણનો ઉતારો આવ્યો છે. અમરેલી જિલ્લામાં શિયાળું વાવેતરમાં ખેડૂતોએ મુખ્ય ઘઉં, ચણા અને ડુંગળીના પાકનું વાવેતર વધુ કર્યું હતું. ચણાના રૂપિયા ૧૨૦૦થી લઈને ૧૫૦૦ સુધીના ભાવો મળી રહ્યા છે. ગયા વર્ષેની સરખામણીએ આ વર્ષે ખૂબ સારા ભાવો એપીએમસી સેન્ટર પર જાહેર હરાજીમાં મળી રહ્યા છે. જેથી ખેડૂતોમાં ખુશી છવાઈ છે.


શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ...
એજ જ ભાવ વ્યાજબી ભાવ
(બાબરાવાળા) આનંદ કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com


# અમરેલી કે.કે. પારેખ કોમર્સ કોલેજમાં પુલવામાના શહીદોને શ્રધ્ધાંજલિ અપાઈ



અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે.પારેખ કોમર્સ કોલેજમાં ચાલતા એન.સી.સી. યુનિટ દ્વારા પુલવામામાં ૧૪ ઓગષ્ટ ૨૦૧૯ ના રોજ થયેલા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા ૪૦ વીર સપૂતોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ તકે કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. એમ.એમ.પટેલ, વાઈસ પ્રિન્સિપાલ ડો.એ.કે.વાળા, એન.સી.સી.ઓફિસર પ્રા.વિલ્સન વસાવા, એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર પ્રા.જે.એમ.તલાવીયા અને પ્રા.વાય. એચ.ઠાકર ઉપસ્થિત રહ્યા હતા.


મુકેશ સંઘાણી 94281 45595 | New Number 97230 67130 | હર્ષદ સંઘાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ - બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ | શ્રેષ્ઠ ગ્રાહક સેવા | ગુણવતાયુકત કામ | પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/o.પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો.૯૪૨૮૧ ૮૭૪૭૯

માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી માત્ર કાગળ પર

# જિલ્લામાં એક જ દિવસમાં અકસ્માતની ૪ ઘટનામાં ૩નાં મોત

## ગોરડકા ગામ પાસે એસટીની ટક્કરે રત્ન કલાકારનું મોત

અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લામાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી દરમિયાન પણ અકસ્માતનો સિલસિલો વણથંભ્યો છે. સાવરકુંડલા-મહુવા રોડ પર ગોરડકા ગામ પાસે એસટી બસની ટક્કરથી વિજપડી ગામના રત્ન કલાકાર યુવકનું મોત થયું હતું. બનાવ અંગે વિજપડી ગામના હિંમતભાઈ રણછોડભાઈ જીંજવાડીયા (ઉ.વ.૫૨)એ જીજે-૧૮-ઝેડ-૩૮૩૯ નંબરની બસના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમનો પુત્ર સુરેશ વિજપડીથી સાવરકુંડલા રાતપાળીમાં હીરા ઘસવાના કામે આવતો હતો ત્યારે મહુવા-રાજકોટ રૂટની ઉપરોક્ત નંબરની એસટી બસના ડ્રાઈવરે તેને ટક્કર મારી હતી. જેમાં માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા મોત થયું હતું અને ડ્રાઈવર બસ મૂકીને નાસી ગયો હતો. મોટા દેવળીયા ગામે રહેતા અને પશુપાલનનો ધંધો કરતા રાજુભાઈ જેઠાભાઈ ગોલતર (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા બાઈક લઈને બાબાપુર ગામે લગ્ન પ્રસંગમાં ગયા હતા. આ દરમિયાન માયાપાદરથી લુણીધાર રેલવે ફાટક વચ્ચે આવેલા વળાંકમાં કોઈ અજાણ્યો ચાલક તેમને ટક્કર મારી મોત નિપજાવી નાસી ગયો હતો. ખાંભાના નાના બારમણ ગામે રહેતા અનિલભાઈ અરજણભાઈ પરમાર (ઉ.વ.૩૩)એ અલ્ટો કાર ચાલક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ તેમનો પુત્ર તથા તેમનો ભાઈ અશ્વિન બાઈક લઈને નાગેશ્રી ગામેથી બારમણ આવતા હતા ત્યારે ફોર વ્હીલ ચાલકે તેમને ટક્કર મારી હતી. જેમાં તેમના પુત્રને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે લઈ જવાયો હતો, જ્યાં તેનું મોત નિપજ્યું હતું. જ્યારે ભાઈને ગંભીર ઈજા પહોંચી હતી. સાવરકુંડલાના કરજાળા ગામે રહેતા ભાનુબેન વિનુભાઈ ઝીંઝુવાડીયા (ઉ.વ.૫૦)એ ટ્રેક્ટર ચાલક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ પતિ-પત્ની, પુત્રી અને પ્રપૌત્ર બાઈક લઈને સાવરકુંડલાથી કરજાળા ગામ જવા નીકળ્યા હતા. આ દરમિયાન અમરેલી રોડ ગેઈટ પાસે પહોંચતા એક ટ્રેક્ટર ચાલકે આવી તેમને ટક્કર મારી હતી. જેમાં તેમને ચારેયને ઈજા પહોંચી હતી.

# લીલીયા મોટા રઘુવીર સેનાના પ્રમુખ તરીકે કિરીટભાઈ રવાણીની વરણી



લીલીયા, તા.૧૪

લીલીયા મોટાના જલારામ મંદિરે મળેલી લોહાણા સમાજની બેઠકમાં પ્રમુખ હિતેશભાઈ કારિયાના માર્ગદર્શન તળે રઘુવીર સેનાના પ્રમુખની વરણી કરવામાં આવી હતી. કિરીટભાઈ રવાણીની પ્રમુખ તરીકે તેમજ ઉપ પ્રમુખ તરીકે શર્મીલ સાદરાણી, મયુરભાઈ જોબનપુત્રાની વરણી કરવામાં આવી હતી. લીલીયા તાલુકા રઘુવીર સેનાના પ્રમુખ ઉપ પ્રમુખ તેમજ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં મહામંત્રી તરીકે અજયભાઈ વાઘાણી, મંત્રી અજયભાઈ કારીયા,ખજાનચી કમલેશભાઈ કારીયા તેમજ કારોબારી સભ્યોની નિમણૂંક કરવામાં આવી હતી. આ તકે સમાજના કુરિવાજો દૂર કરવા સંકલ્પ લેવામાં આવ્યો હતો.

# ગોવિંદપુરના જીઆરડી જવાન સ્વ. વિજયભાઈ દાફડાના પરિવારને ૭૩ હજારની આર્થિક સહાય



ધારી, તા.૧૪

સ્વ. વિજયભાઈ મેપાભાઈ દાફડા ગામ ગોવિંદપુર વાળા GRD સભ્ય તરીકે કાર્યરત હતા. જેથી ધારી - ચલાલા વિસ્તારના તમામ GRD અને પોલીસકર્મીઓએ તેમના કુટુંબને આર્થિક સહાય રૂપી ૭૩૦૦૦ જેવી રકમ એકઠી કરી તેમના દીકરીને ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. જે ચેક સુકન્યા યોજનાનાં ખાતામાં જમા કરવા એચ.જી.મારુંના હાથે અર્પણ કરવામાં આવ્યો હતો. જેને લઈ દાફડા પરિવારે તમામ GRD/HG અને પોલીસ સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સાવરકુંડલા ખાતે મહિલા અને યુવક સહકારી સેમિનાર યોજાયો



અમરેલી, તા. ૧૪

ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના સહયોગથી અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ વી.ડી. કાણકિયા આર્ટ્સ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ સાવરકુંડલા ખાતે અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા મહિલા અને યુવક સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૮૩ યુવકો - યુવતીઓએ ભાગ લીધો હતો. અમર ડેરીના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલીયા, અમરેલી જીલ્લા સહકારી ખરીદ - વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી જીલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શરદભાઈ પંડ્યા, સાવરકુંડલા તાલુકા ભાજપ અધ્યક્ષ જીવનભાઈ વેકરીયા, સાવરકુંડલા નગરપાલિકા અધ્યક્ષ મેહુલભાઈ ત્રિવેદી, સાવરકુંડલા શહેર ભાજપ મહામંત્રી વિજયભાઈ વાઘેલા, મહામંત્રી રાજેશભાઈ નાગ્રેચા, અજયભાઈ ખુમાણ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# જેસરના તાતણીયા ગામે આઠમી સમૂહ શાદીનું આયોજન કરવામાં આવ્યું



જેસર, તા.૧૪

જેસરના તાતણીયા ગામે સૈયદ હાજી મોહંમદ શફીબાપુ મેમોરિયલ ટ્રસ્ટ -ઉના દ્વારા ૮મો સમૂહ નિકાહ સમારોહ યોજાયો હતો. જેમાં ૨૧ યુગલોએ નિકાહ પઢી વૈવાહિક જીવનની શરૂઆત કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં મુસ્લિમ અગ્રણીઓ અને મહેમાનોએ હાજરી આપી હતી.

# પરિણીતા સાથે મૈત્રી કરારમાં રહેતા યુવકનું અપહરણ કરી જાનથી મારવાની ધમકી આપી

ખાંભા, તા.૧૪

જુના ઝાપોદરના રસ્તે વાડીએ રહેતા એક યુવકે પરિણીતા સાથે મૈત્રી કરાર કર્યા હતા. પરિણીતાને તેના પતિ સાથે મનમેળ ન હોવાથી યુવક સાથે મૈત્રી કરારમાં રહેતી હતી, જેથી તેનું મનદુઃખ રાખી યુવકનું અપહરણ કરી ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. આ અંગે રાજુભાઈ ઉર્ફે લાલો બચુભાઈ સરવૈયા (ઉ.વ.૨૮)એ મહુવા તાલુકાના તલગાજરડાના જીતેન્દ્રસિહ જસુભા વાળા, રાજુલાના જીતુભાઈ દિપસિંહ રાઠોડ તથા ઘેલાભાઈ કાનાભાઈ રબારી સહિત પાંચ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, હર્ષાબેન ઉર્ફે હિરલબેનને તેના પતિ જીતેન્દ્રસિંહ જસુભા વાળા સાથે મનમેળ નહી હોવાથી તેમની સાથે મૈત્રી કરાર કરી એકાદ મહિનાથી રહેતા હતા. જે વાતનું મનદુઃખ રાખી આરોપીઓએ અગાઉથી ગુનાહીત કાવતરૂ રચી તેનો સમાન ઈરાદો પાર પાડવા લાકડાના ધોકા, છરીના હાથા વડે મુંઢમાર મારી તેમને તથા ભોગ બનનારને બળજબરીથી અપહરણ કરીને લઈ ગયા હતા. ઉપરાંત તેમને ગેરકાયદેસર ગોંધી રાખ્યા હતા અને મજાદર ગામના પાદરમાં ઉતારી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.ડી.હડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં તસ્કર રાજ: ધારીમાંથી ૧.૯૬ લાખ, બાબરામાંથી ૧.૫૦ લાખની ચોરી

અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લામાં પોલીસના ચુસ્ત પેટ્રોલિંગના દાવા વચ્ચે તસ્કરો બેફામ બન્યા છે. જિલ્લામાં વધુ બે ઘરફોડની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. ધારીમાં રહેતા પ્રફુલાબેન રતીલાલ શેઠએ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના રહેણાંક મકાનમાં અજાણ્યા ચોર ઈસમે અપપ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, રોકડા મળી કુલ રૂ.૧,૯૬,૦૦૦ મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ.જી.મારુ વધુ તપાસ કરી રહ્યા છે. બાબરાના અમરાપરામાં રહેતા અને વેપાર કરતાં શહેજાદભાઈ ફિરોનભાઈ ચોટલીયાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, બાબરા-રાજકોટ હાઈવે રોડ ઉપર આવેલી અલીફ એન્ટરપ્રાઈઝ નામના ભંગારના ડેલામાં અજાણ્યો ઈસમ ત્રાટક્યો હતો અને ઓફિસમાં પ્રવેશ કરી ટેબલનો લોક તોડી તેમાં રહેલા રોકડા.રૂ.૧,૫૦,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.

# ગાંવ ચલો અભિયાન અંતર્ગત મનીષ સંઘાણી અમરેલી વોર્ડ નંબર ૪ ખાતે



અમરેલી, તા.૧૪

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે સમગ્ર દેશમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા કાર્યકર્તાઓ માટે ગાંવ ચલો અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

જેના અંતર્ગત પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણી અમરેલી વોર્ડ નંબર ૪ નાં બુથ નંબર ૧૯૧/૧૯૨ ખાતે પ્રવાસી તરીકે ગયા હતા. જ્યાં રાતવાસો કરી ગામડાના લોકો સાથે સરકારની વિવિધ યોજનાઓ જેવી કે ગરીબ કલ્યાણ માટેની યોજના, મહિલા સશક્તિકરણ, બાહ્ય સુરક્ષા વગેરે યોજના વિશે લોકોને વાકેફ કર્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ:છઠ્ઠ
તા. ૧૫-૦૨-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૦૦,
સૂર્યાસ્ત-૦૬:૧૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અશ્વિની

## દૈનિક રાશિફળ

તા.૧૫-૦૨-૨૦૨૪ ગુરૂવાર

- મેષ: રોજગાર ક્ષેત્રે પ્રગતિ થશે અને પ્રતિષ્ઠા વધશે. રાજકારણ સાથે સંકળાયેલા લોકો માટે સમય ફાયદાકારક છે, કુશળતા અને વર્તનથી બધું પ્રાપ્ત થઈ શકે છે.
- વૃષભ: પરિવારના સભ્યો સાથે ભવિષ્યની યોજનાઓની ચર્ચા થશે. જો તમે કોઈ ન્યાયિક બાબતમાં સામેલ છો, તો સંજોગો તમારા પક્ષમાં હશે.
- મિથુન: વ્યવસાયમાં સમયસર લેવામાં આવેલા નિર્ણયો તમારા માટે ભવિષ્યમાં લાભ મેળવવા માટે અસરકારક સાબિત થઈ શકે છે.
- કર્ક: ધંધામાં વધુ ઉત્સાહ અને ઉતાવળથી કામ બગડી શકે છે, તેથી સાવધાનીથી કામ કરો, નહીં તો તમારે ઓછા ફાયદાથી સંતુષ્ટ થવું પડશે.
- સિંહ: વ્યવસાયના ક્ષેત્રમાં મોટું રોકાણ તમારા માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. તેમની સહાયથી બાકી રહેલા સરકારી કામો પણ પૂર્ણ થશે.
- કન્યા: જીવનસાથી સાથે સારો સમય વિતાવશો, પરંતુ માતાના સ્વાસ્થ્યનું પણ ધ્યાન રાખો. પારિવારિક અસમાનતા મુશ્કેલીમાં વધારો કરી શકે છે.
- તુલા: વ્યસ્તતાની વચ્ચે જીવનસાથીને સમય આપવો એ સંબંધને મજબૂત બનાવશે. રાજકારણથી સંબંધિત લોકોના વર્ચસ્વમાં વધારો થશે.
- વૃશ્ચિક: વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે વિશેષ સફળતા મળશે અને જ્ઞાનમાં પણ વૃદ્ધિ થશે. પિતાના માર્ગદર્શનથી તમારા બધા અટકેલા કામ પૂરા થશે.
- ધન: માતાપિતાની સેવા કરવાની તક મળશે અને તેમના આશીર્વાદથી અનેક કામો સરળતાથી પૂરા થશે. ધંધામાં મહેનત બાદ ઇચ્છિત લાભ મળશે.
- મકર: ભાઇઓના સહયોગથી ધંધાકીય કાર્યો કરવામાં આવશે અને નફાકારક સાહસ પણ ચલાવવામાં આવશે.
- કુંભ: વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ઇચ્છિત સફળતા મળશે. રોજગારમાં લાયકાત વિકસાવવાથી લાભ થશે અને આવકમાં પણ વધારો થશે.
- મીન: આજનો દિવસ મિશ્રિત ફળદાયી રહેશે. અનૈતિક પ્રવૃત્તિઓથી દૂર રહો નહીં તો સામાજિક પ્રતિષ્ઠાને નુકસાન થઈ શકે છે.

# ધારાસભ્ય મહેશ કસવાલાનું પુસ્તક પીર સૈયદ દાદાબાપુને અર્પણ કરવામાં આવ્યું



સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલા વિધાનસભાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા જન પ્રતિનિધિ તરીકે એક વર્ષનું સેવા અને સક્રિયતાનું સરવૈયું એટલે ઋણાનુબંધ ભાગ- ૨ બુકલેટ ધારાસભ્યના લેટર સાથે સાવરકુંડલા મુસ્લિમ આગેવાન અને ભાઈચારા અને એકતાના પ્રતિક એવા સાવરકુંડલા મુસ્લિમ સમાજની આન, બાન, શાન એવા સરકાર પીર સૈયદ દાદાબાપુ સાહેબને અર્પણ કરવામાં આવી હતી. લલીતભાઈ મારૂ, રજાકભાઈ ભટ્ટ, સાવરકુંડલા અનિલભાઈ ગોહિલ, લોહાણા સમાજ અગ્રણી અને ભાજપના કાર્યકર્તા અમરીશભાઈ સચદેવ દ્વારા આ બુકલેટ અર્પણ કરવામાં આવી હતી.

# રાજુલામાં રિદ્ધિ સિદ્ધિ ગજાનંદ મહારાજનો સાતમો પાટોત્સવ ઉજવાયો

રાજુલા,તા.૧૪

રાજુલાની મધ્યમ વર્ગ સોસાયટી ફોરેસ્ટ કોલોની બાજુમાં ૧૩ ફેબ્રુઆરીને મહા સુદ ચોથ મંગળવારનાં દિવસે રિદ્ધિ સિદ્ધિ ગજાનંદ મહારાજનો સાતમો પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પાટોત્સવમાં સોસાયટીના તમામ રહીશો તેમજ તમામ ધર્મપ્રેમી ભાઈઓ તથા બહેનો બહોળી સંખ્યામાં હાજર રહી ધામધૂમથી ઉજવણી કરી હતી. આ દરમિયાન ગણપતિ બાપા મોરિયાના નાદ સાથે વાતાવરણ ધર્મમય બની ગયું હતું. બીડુ હોમ્યા બાદ બહેનોએ રાસ રમી પાટોત્સવની ઉજવણી કરી હતી. શાસ્ત્રી નીલકંઠ દાદાએ મંત્રોનો પાઠ કરી વાતાવરણ ધર્મમય બનાવી દીધું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ મહાપ્રસાદનું આયોજન કરાયું હતું.

# ગિરિકંદ્રામાં દંડવતી પરિક્રમા યાત્રાએ જતા પરિવારને જસરાજ સેનાએ પાઠવ્યા અભિનંદન



સાવરકુંડલા,તા.૧૪

જતીપુરા ગિરિકંદ્રામાં દંડવતી પરિક્રમા માટે પરિવાર સાથે જઈ રહેલ વસાણી પરિવારને તેની યાત્રા ઠાકોરજી મંગલમય અને શુભ રાખે તેવી શુભકામનાઓ સાવરકુંડલા વીરદાદા જસરાજ સેના પરિવારે પાઠવી હતી. પીન્ટુભાઈ વડેરા, હાર્દિક ખીમાણી, નિશિતભાઈ વસાણી ત્રણેય ભાઈઓ પરિવાર સાથે જતીપુરા ગિરિકંદ્રામાં દંડવતી પરિક્રમા યાત્રાએ જઈ રહ્યા છે. આ શુભ અવસરે તેમની યાત્રા મંગલમય બને તેવી ઠાકોરજીને પ્રાર્થના કરતાં જસરાજ સેનાના પ્રમુખ હિતેશ સરૈયા, મયુરભાઈ પોપટ, રાકેશભાઈ ગઢીયા, દિનેશ કારીયા (LIC), આનંદ વણજારા, સૂજય ખીમાણી, હાર્દિક અઢિયા, ભરતભાઈ ગાંધી વગેરેએ જસરાજ સેના વતી આ મંગલ શુભ અવસર નિમિત્તે શુભકામનાઓ પાઠવી હતી.

# સા.કુંડલામાં રેલવે અધિકારીઓ સાથે સ્થળ નિરીક્ષણ કરતા સાંસદ નારણ કાછડીયા

## સરકારમાં દરખાસ્ત કરવા સાંસદની રેલવે અધિકારીઓને તાકીદ



અમરેલી, તા.૧૪

અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં વર્ષોથી ટ્રાફિક સમસ્યા માથાના દુઃખાવા સમાન બની રહી છે. જેના નિરાકરણ માટે અમરેલી સાંસદ નારણભાઈ કાછડીયાએ સાવરકુંડલા શહેરના વિવિધ સ્થળે નિરીક્ષણ કર્યુ હતું.

જેમાં ખાટકીવાડા સામેના ભાગે આવેલા રેલવે સ્ટેશનની જમીન ખુલ્લી રહેતી હોવાની રજૂઆત હતી જેના માટે કંપાઉન્ડ દીવાલ બનાવવા માટે ડીઆરને સૂચના આપી હતી. તેમજ શહેરના મધ્યભાગમાં માર્કેટિંગ યાર્ડ પાસે આવેલ ગરનાળુ ખુલ્લુ કરવા તથા જેસર રોડ ઉપર આવેલ બંને ગરનાળાની પહોળાઈ વધારવા અને એલસી નં ૬૪ પાસે અન્ડરગ્રાઉન્ડ બ્રિજ બનાવવાના કામે તાત્કાલિક સર્વે કરાવી મંજૂરી અર્થે સરકારમાં દરખાસ્ત કરવા સાંસદે રેલવે અધિકારીઓને તાકીદ કરી હતી.

તંત્રી લેખ

# રાષ્ટ્રની પ્રગતિ સામેના સ્પીડ બ્રેકર

ફરી એકવાર ખેડૂતોના ઉગ્ર આંદોલનો શરૂ થઈ ગયા છે. આ આંદોલનો હિંસક રૂપ લઈ રહ્યા છે. દેશમાં ચૂંટણી જાહેર થાય તે પહેલા ઉત્તરાખંડથી માંડી દિલ્હી અને દિલ્હીથી માંડી અન્ય રાજ્યોમાં અસ્થિરતા પેદા કરવાના પ્રયાસો રાષ્ટ્રવિરોધીઓએ શરૂ કરી દીધા છે.

રાષ્ટ્રની ઝડપી પ્રગતિને અટકાવવા માટે કેટલાક રાષ્ટ્ર વિરોધી તત્વો ચૂંટણી આવે ત્યારે જ સક્રિય થઈ જાય છે. આ લોકો ખેડૂતોને આગળ કરીને રાષ્ટ્રમાં અસ્થિરતા પેદા કરવાના પ્રયાસો કરી રહ્યા છે. ભાજપ સરકારની અપ્રતિમ સફળતાથી ભુરાયા થયેલા તત્વો ખેડૂતોને, લઘુમતીઓને તથા નક્સલવાદીઓને, ડાબેરીઓને હાથો બનાવીને અસ્થિરતા પેદા કરવાના પ્રયાસો કરી રહ્યા છે. ભાજપ વિરોધી રાજકીય પાર્ટીઓ મેદાનમાં આવી ગઈ છે. નરેન્દ્ર મોદીની સરકારને તોડી પાડવા માટે ૨૮ જેટલા પક્ષો એક મંચ પર આવ્યા પરંતુ તેઓ પોત-પોતાના અંગત સ્વાર્થને કારણે એકતા સાધી શક્યા નહીં પરિણામે તેઓ રાષ્ટ્રવિરોધી તત્વોનો સહારો લઈને એક યા બીજા પ્રકારે દેશમાં અસ્થિરતા પેદા કરવાના પ્રયાસો શરૂ કરી રહ્યા છે. આ પ્રયાસો ત્યારે જ થાય છે કે જ્યારે ચૂંટણી જાહેર થાય છે. જેથી સરકારને બદનામ કરી શકાય. ખેડૂતોની માંગને પૂરી કરવા માટે સરકારે પ્રયાસો કર્યા છે. તેમની ૧૩ માંગમાંથી ૧૦ માંગ પૂરી કરી છે છતાં આંદોલનકારીઓ દિલ્હી પર કૂચ કરવા માટે હિંસાનો માર્ગ અપનાવી રહ્યા છે. ખેડૂત આગેવાનોએ કહ્યું કે આ આંદોલન અહિંસક રહેશે પરંતુ ટીવી ફૂટેજ જોતા તેઓ જે રીતે આક્રમક રીતે હિંસા કરી રહ્યા છે તે જોતા એવું લાગે છે કે આની પાછળ ખેડૂતો નહીં પરંતુ તોફાની તત્ત્વો જ સામેલ છે. તેના અસલી ચહેરાઓ અલગ જ છે. જેને રાજકીય સપોર્ટ છે. વિવિધ ટીવી ચેનલ પર આવતી ચર્ચા સભાઓમાં આ લોકો પોતાનું પોત પ્રકાશિત કરે છે અને રાષ્ટ્ર વિરોધી વલણ પ્રગટ કરે છે! ઈલેક્ટ્રોનિક મીડિયાના આવા પ્રસારણથી તેના સમર્થકોને સપોર્ટ મળે છે. જે લોકો રાષ્ટ્ર વિરોધી વિધાનો કરે છે તેને બ્લોક કરવા જરૂરી છે. વાણી સ્વાતંત્ર્યનો આ અતિરેક થઈ રહ્યો છે તે અટકાવવાની જરૂર છે. વાણી સ્વાતંત્ર્ય એટલે એનો અર્થ એવો નથી થતો કે સમાજમાં ખોટો મેસેજ જાય અને સમાજ વિરોધીઓને એનાથી માઈલેજ મળે આ વસ્તુ પણ વાજબી નથી તેને પણ અટકાવવાની જરૂર છે. અસલી ચહેરા કોણ છે તે હવે ધીમે ધીમે પ્રજાની સમજમાં આવતું જાય છે અને સરકાર પણ જાણે છે કે આ તોફાનીઓને સમાધાન કરવામાં કોઈ રસ નથી. તેમને એક જ રસ છે અને તે એટલો જ કે ભારતને અસ્થિર કરવું અને સરકારને બદનામ કરીને એક યા બીજા પ્રકારે ભારતની ઝડપી પ્રગતિને અટકાવવા માટે એડિચોટીનું જોર લગાવવું. હરિયાણાની શંભુ બોર્ડર પર સિમેન્ટના બેરીકેટ ટ્રેક્ટરથી અને જીસીબીથી ઉખાડી નાખવા, અઢી હજાર કરતાં વધુ ટ્રેક્ટરો સાથે પાટનગર પર આક્રમણ કરવું તે જેવી તેવી વાત નથી. આંદોલનકારી ખેડૂતો અને પોલીસ આમને-સામને આવતા અનેક લોકો ઘાયલ થયા છે. આજે પણ આ લોકોએ રાજધાનીને ઘેરવાની તૈયારી શરૂ કરી છે. આંદોલનમાં અનેક પોલીસકર્મીઓ અને ખેડૂતો લોહીલુહાણ થયા છે.

# અબુધાબીનું સૌથી મોટું ભવ્ય હિન્દુ મંદિર વિશ્વની એક અજાયબી છે



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

જે દેશમાં મુસ્લિમો સર્વાધિક છે તે દેશમાં વિશ્વનું સૌથી મોટું અતિ ભવ્ય હિન્દુ મંદિર બને તે એક ઐતિહાસિક બાબત ગણી શકાય. વિશ્વના સૌથી સમૃદ્ધ દેશમાં સ્વામિનારાયણનું મંદિર બની ચૂક્યું છે અને વડાપ્રધાને આ મંદિરના મહોત્સવમાં હાજરી પણ આપી છે અને દુનિયાભરમાં આપણા દેશનો ડંકો વગાડી દીધો છે. જે આપણા સૌ માટે ગૌરવની વસ્તુ છે.

તમે ઘણા સમયથી સાંભળતા હશો કે સંયુક્ત આરબ અમીરાતની રાજધાની અબુધાબીમાં એક વિશાળ હિન્દુ મંદિર બનાવવામાં આવી રહ્યું છે. આ મંદિરનું નામ બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS) હિન્દુ મંદિર છે.

ભારતમાં UAE ના રાજદૂત અબ્દુલનાસર અલશાલીએ ગત મહિને જણાવ્યું હતું કે અબુધાબીમાં બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના સ્વામિનારાયણ મંદિરનું ઉદ્ઘાટન એ "સહિષ્ણુતા અને સ્વીકૃતિની ઉજવણી" માટે એક સ્મારક દિવસ હશે.

"અમે ૧૪ ફેબ્રુઆરીના રોજ ઉદ્ઘાટનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ. તે એક અસાધારણ સ્મારક દિવસ હશે, સહિષ્ણુતા, સ્વીકૃતિ અને આ સંબંધને વધુ મજબૂત બનાવવાનો એક ખાસ પ્રસંગ હશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે આ ૯૦ ટકા મુસ્લિમ વસતિવાળા દુબઈમાં આ મંદિરના ઉદ્ઘાટન સમારોહમાં ભારતીય સંસ્કૃતિની ગરિમા સાથે ભારતના અમીરાતની સાથેના સંબંધોની ભરપૂર પ્રશંસા કરી હતી.

અબુધાબીની નજીક આવેલું ૭૦૦ કરોડનું આ મંદિર પશ્ચિમ એશિયાનું સૌથી મોટું હિન્દુ મંદિર પણ છે. તે સમગ્ર વિશ્વમાં BAPS હિન્દુ મંદિર તરીકે જાણીતું છે. કોણ છે આ વ્યક્તિ, જેણે ૯૦ ટકા મુસ્લિમ વસતિવાળા દુબઈમાં બનાવી દીધું ૭૦૦ કરોડનું આ મંદિર. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ઈસ્લામિક દેશ યુનાઈટેડ આરબ અમીરાતમાં એક નવો દાખલો બેસાડી રહ્યા છે. આ દેશમાં પ્રથમ હિન્દુ મંદિર બનાવવામાં આવ્યું છે. આ મંદિર એટલું વિશાળ અને ભવ્ય છે કે તમે તેની તસવીરો જોઈને આશ્ચર્યચકિત થઈ જશો. ૧૪ ફેબ્રુઆરીએ પંચમીના શુભ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે આ મંદિરનું ઉદ્ઘાટન કર્યું છે. ચાલો હવે તમને એ વ્યક્તિ વિશે જણાવીએ જેણે દુબઈમાં આટલું મોટું મંદિર બનાવવાની જવાબદારી લીધી. કોણ છે તે વ્યક્તિ? આપણે જે મહાન વ્યક્તિત્વની વાત કરી રહ્યા છીએ તે છે મહંત સ્વામી મહારાજ (સ્વામી કેશવજીવનદાસજી). તેઓ BAPS સ્વામિનારાયણ સંસ્થાના છઠ્ઠા અને વર્તમાન આધ્યાત્મિક ગુરુ છે. મહંત સ્વામી મહારાજનો જન્મ ૧૩ સપ્ટેમ્બર ૧૯૩૩ના રોજ મધ્યપ્રદેશના જબલપુરમાં થયો હતો. તેમના માતાનું નામ ડાહીબેન અને પિતાનું નામ મણીભાઈ નારાયણભાઈ પટેલ હતું.

ખ્રિસ્તી શાળામાં અભ્યાસ કર્યો. મહંત સ્વામી મહારાજ તેમના વિદ્યાર્થી જીવનમાં તેજસ્વી વિદ્યાર્થી હતા. તેમનું પ્રારંભિક શિક્ષણ જબલપુરમાં જ થયું હતું. તેમણે ક્રાઈસ્ટ ચર્ચ બોયઝ સિનિયર સેકન્ડરી સ્કૂલ, જબલપુરમાંથી ૧૨મું ધોરણ કર્યું. અભ્યાસ પછી, મહંત સ્વામી મહારાજ ગુજરાતમાં તેમના વતન આણંદ આવ્યા.

અહીં તેમણે એગ્રીકલ્ચર કોલેજમાં એડમિશન લીધું અને અભ્યાસ પૂરો કર્યો. તેમના અભ્યાસ દરમિયાન જ મહંત સ્વામી મહારાજ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના આધ્યાત્મિક અનુગામી યોગીજી મહારાજને મળ્યા હતા. બાદમાં તેમણે જ મહંત સ્વામી મહારાજને આધ્યાત્મિકતાનો માર્ગ બતાવ્યો હતો.

**મંદિરમાં યુએઈની સૌથી મોટી 3D પ્રિન્ટેડ દિવાલો છે જેને 'વૉલ ઓફ હાર્મની' નામ આપવામાં આવ્યું છે. મંદિરની દિવાલો પર હાર્મની શબ્દ ૩૦ પ્રાચીન અને આધુનિક ભાષાઓમાં લખવામાં આવ્યો છે. મંદિરમાં પ્રમુખ સ્વામી મહારાજના ૯૬ વર્ષને દર્શાવતા ૯૬ ઘંટ પણ લગાવવામાં આવ્યા છે.**

આ ભવ્ય મંદિરનું નિર્માણ સંયુક્ત આરબ અમીરાતની રાજધાની અબુધાબી પાસે કરવામાં આવ્યું છે. અબુધાબીની નજીક આવેલું આ મંદિર આ દેશમાં માત્ર તેના પ્રકારનું પ્રથમ મંદિર નથી, પરંતુ પશ્ચિમ એશિયાનું સૌથી મોટું હિન્દુ મંદિર પણ છે. તે સમગ્ર વિશ્વમાં BAPS હિન્દુ મંદિર તરીકે જાણીતું છે. મંદિરના નિર્માણમાં ૭૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જો આ મંદિરના ચોક્કસ સ્થાન વિશે વાત કરીએ તો તે અબુધાબી શહેરથી ૫૦ કિલોમીટર દૂર આવેલું છે. ગયા મહિને, સ્વામી ઈશ્વરચરણદાસ અને સ્વામી બ્રહ્મવિહારીદાસે બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS) હિન્દુ મંદિર વતી આમંત્રણ આપ્યું હતું, અને મોદીએ તેનો સ્વીકાર કર્યો હતો.

૧૩ ફેબ્રુઆરીએ અબુધાબીના શેખ ઝાયેદ સ્પોર્ટ્સ સિટી સ્ટેડિયમમાં નિર્ધારિત ભવ્ય ડાયસ્પોરા મેળાવડાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધન કર્યું હતું.

ઈવેન્ટનું શીર્ષક 'અહલાન મોદી' છે, જેનો અનુવાદ 'હેલો મોદી' થાય છે.

યુએનના ઈન્ટરનેશનલ માઈગ્રેશન ૨૦૨૦ રિપોર્ટ અનુસાર, યુએઈમાં સૌથી વધુ ભારતીય ડાયસ્પોરા વસ્તી ૩.૫ મિલિયન છે, જે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા (૨.૭ મિલિયન) અને સાઉદી અરેબિયા (૨.૫ મિલિયન)ને પાછળ છોડી દે છે. મંદિરના શુભ પ્રસંગે ભારત અને અરબ અમીરાત વચ્ચે મહત્વના કરાર પણ થયા છે જેની વિગત નીચે મુજબ છે.

આ પ્રસંગે ભારત અને UAE એ ચાર સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કરીને તેમના સહયોગને મજબૂત બનાવ્યો. દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાના હેતુથી પીએમ મોદી અને યુએઈના પ્રમુખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન વચ્ચેની વાતચીત દરમિયાન આ કરારોને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

દેશોએ વાતચીત દરમિયાન ટેક્નોલોજી, એરોસ્પેસ અને અવકાશ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૧૧૦ | ૧૪૮૮ |
| ઘઉં લોકવન | ૫૧૧ | ૫૬૨ |
| ઘઉં ટુકડા | ૫૨૨ | ૫૮૫ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૮૪૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૪૦૦ | ૪૬૦ |
| તુવેર | ૧૬૫૦ | ૨૦૦૦ |
| ચણા પીળા | ૧૧૦૦ | ૧૨૩૦ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૩૦૫૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૯૦૦ |
| મગ | ૧૬૦૦ | ૨૦૪૧ |
| વાલ દેશી | ૧૪૦૦ | ૧૯૩૧ |
| વાલ પાપડી | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ચોળી | ૩૦૨૦ | ૩૩૭૦ |
| મઠ | ૧૦૯૦ | ૧૨૩૪ |
| વટાણા | ૫૫૦ | ૧૪૮૧ |
| સીંગદાણા | ૧૫૯૦ | ૧૭૧૦ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૨૬૩ |
| મગફળી જીણી | ૧૧૨૦ | ૧૨૩૦ |
| તલી | ૨૫૫૫ | ૩૧૨૫ |
| સુરજમુખી | ૬૩૦ | ૬૩૦ |
| એરંડા | ૧૧૦૫ | ૧૧૨૩ |
| અજમો | ૨૦૦૦ | ૩૧૦૦ |
| સુવા | ૧૮૩૫ | ૧૮૩૫ |
| સોયાબીન | ૮૩૫ | ૮૬૮ |
| સીંગફાડા | ૧૦૯૦ | ૧૫૩૦ |
| કાળા તલ | ૨૮૪૦ | ૩૧૦૦ |
| લસણ | ૪૦૦૦ | ૬૮૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૭૫૦ |
| મરચા સુકા | ૧૫૦૦ | ૩૯૦૦ |
| ધાણી | ૧૨૫૦ | ૨૨૦૦ |
| વરીયાળી | ૧૩૨૦ | ૧૩૨૦ |
| જીરૂ | ૪૫૦૦ | ૬૩૦૦ |
| રાય | ૧૧૦૦ | ૧૩૨૫ |
| મેથી | ૯૪૦ | ૧૧૯૫ |
| કલોંજી | ૩૧૦૦ | ૩૨૮૦ |
| રાયડો | ૮૭૦ | ૯૬૦ |
| રજકાનું બી | ૨૯૫૦ | ૨૯૫૦ |
| ગુવારનું બી | ૯૫૦ | ૯૬૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦૦ | ૧૬૩૦ |
| બટેટા | ૧૪૦ | ૩૬૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૬૫ |
| ટમેટા | ૩૦૦ | ૫૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૮૦ | ૨૨૦ |
| શક્કરિયા | ૨૧૦ | ૩૫૦ |
| મુળા | ૨૦૦ | ૩૩૦ |
| રીંગણા | ૯૦ | ૨૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૪૦ |

| | | |
|---|---|---|
| ફ્લાવર | ૨૦૦ | ૩૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૮૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૭૯૦ |
| દુધી | ૯૦ | ૧૪૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૪૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૫૧૦ | ૮૩૦ |
| પરવર | ૭૦૦ | ૯૦૦ |
| કાકડી | ૩૩૦ | ૫૦૦ |
| ગાજર | ૧૦૦ | ૩૦૦ |
| વટાણા | ૪૧૦ | ૭૩૦ |
| તુવેરસીંગ | ૪૦૦ | ૬૭૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૨૦ | ૨૩૦ |
| મેથી | ૧૦૦ | ૧૪૦ |
| વાલ | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૧૧૦ | ૨૫૦ |
| આદુ | ૧૨૫૦ | ૧૬૦૦ |
| ચણા લીલા | ૧૫૦ | ૩૫૦ |
| મરચા લીલા | ૩૪૦ | ૫૬૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૧૦૫૦ | ૧૫૬૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૩૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૬૦ | ૩૦૦ |
| રીંગણાં | ૨૫૦ | ૩૬૦ |
| ફુલાવર | ૨૮૦ | ૩૫૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૬૦ |
| શક્કરિયા | ૨૫૦ | ૩૦૦ |
| ટામેટા | ૩૦૦ | ૫૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૨૨૦ | ૩૦૦ |
| દૂધી | ૧૫૦ | ૨૪૦ |
| કરેલા | ૫૨૦ | ૫૬૦ |
| ગલકા | ૪૫૦ | ૫૫૦ |
| મૂળા | ૧૨૦ | ૨૨૦ |
| કાકડી | ૪૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૭૮૦ | ૧૧૮૦ |
| વાલોળ | ૩૦૦ | ૪૪૦ |
| વટાણા | ૭૦૦ | ૮૮૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| આમળા | ૪૦૦ | ૪૪૦ |
| ચણા લીલા | ૬૫૦ | ૮૪૦ |
| ભીંડો | ૭૦૦ | ૯૦૦ |
| તુવેર | ૬૫૦ | ૮૪૦ |
| આદુ | ૧૬૦૦ | ૨૦૨૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૧૮૦ | ૨૮૦ |


| | | |
|---|---|---|
| ફુદીનો | ૩૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૪૦૦ |
| બીટ | ૩૦૦ | ૪૦૦ |
| સરગવો | ૬૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૮૦ | ૧૦૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૧૮૦ | ૨૬૦ |
| ડુંગળી સૂકી | ૧૨૦ | ૨૨૦ |
| લસણ લીલું | ૧૭૦૦ | ૨૨૦૦ |
| લસણ સૂકું | ૪૦૦૦ | ૮૦૦૦ |
| મકાઇ | ૨૬૦ | ૩૦૦ |
| લીંબુ | ૧૬૦૦ | ૨૦૨૦ |
| વાલ | ૭૦૦ | ૯૦૦ |
| પાલક | ૨૦૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૫૦ | ૧૪૫૯ |
| શિંગ મઠડી | ૮૨૮ | ૧૨૧૪ |
| શિંગ મોટી | ૯૪૦ | ૧૩૫૦ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૩૩૩૦ |
| તલ કાશ્મીરી | ૩૯૦૫ | ૪૧૧૫ |
| બાજરો | ૪૨૫ | ૫૪૮ |
| જુવાર | ૯૦૩ | ૧૨૩૦ |
| ઘઉં ટુકડા | ૪૨૧ | ૬૬૮ |
| ઘઉં લોકવન | ૪૦૬ | ૫૩૭ |
| મકાઇ | ૫૦૩ | ૫૦૩ |
| ચણા | ૯૦૫ | ૧૨૨૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૯૭૧ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૯૯ |
| જીરું | ૪૫૦૫ | ૬૪૦૦ |
| રાયડો | ૮૮૬ | ૯૦૫ |
| ધાણા | ૧૦૪૫ | ૧૨૬૬ |
| ધાણી | ૧૧૩૦ | ૨૦૦૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૪૫ |
| મગફળી જીણી | ૭૫૦ | ૧૨૧૪ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૨૬૦૦ | ૨૯૬૦ |
| જીરૂ | ૪૮૦૦ | ૫૭૦૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૧૫ |
| બાજરો | ૩૮૦ | ૫૨૫ |
| જુવાર | ૫૮૫ | ૮૬૨ |
| મકાઈ | ૫૪૬ | --- |
| ચણા | ૧૦૧૦ | ૧૨૨૫ |
| તુવેર | ૧૫૦૦ | ૧૯૧૨ |
| ધાણા | ૧૦૫૦ | ૧૪૭૦ |
| સોયાબીન | ૮૩૬ | ૮૬૫ |
| એંરડી | ૯૫૦ | ૧૦૮૩ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૧૯૦ | ૧૪૬૮ |
| મગફળી | ૧૧૮૩ | ૧૨૦૩ |

| | | |
|---|---|---|
| ચણા | ૧૦૫૯ | ૧૨૩૧ |
| તુવેર | ૧૪૪૦ | ૧૭૦૦ |
| ધાણા | ૧૧૩૦ | ૧૮૦૦ |
| ઘઉં | ૪૫૮ | ૬૨૨ |
| જીરૂ | ૪૦૭૫ | ૫૮૨૫ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૭૬ | ૧૪૦૪ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૫૬ | ૧૪૩૪ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ઘઉં | ૪૬૫ | ૫૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૭૫ |
| તુવેર | ૧૪૪૦ | ૧૮૦૩ |
| ધાણા | ૯૦૦ | ૧૧૮૦ |
| સોયાબીન | ૬૪૦ | ૮૩૨ |
| જુવાર | ૬૭૫ | ૬૭૫ |
| **જામનગર** | | |
| કપાસ | ૯૦૦ | ૧૫૨૫ |
| બાજરો | ૩૫૦ | ૫૦૦ |
| ઘઉં | ૪૪૦ | ૫૭૫ |
| મગ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૯૩૦ |
| તુવેર | ૧૦૦૦ | ૨૪૧૦ |
| ચણા | ૮૫૦ | ૧૫૬૯ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૧૮૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૫૧ |
| એરંડા | ૧૦૨૦ | ૧૧૦૫ |
| રાયડો | ૮૦૦ | ૯૯૧ |
| લસણ | ૨૦૦૦ | ૬૪૦૦ |
| જીરૂ | ૪૨૦૦ | ૫૭૭૫ |
| અજમો | ૨૧૦૦ | ૪૯૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૫૪૦ |
| મરચા સૂકા | ૮૦૦ | ૩૮૭૦ |
| ડુંગળી | ૫૦ | ૩૫૦ |
| સોયાબીન | ૬૫૦ | ૮૪૦ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૧૯૦ | ૧૨૫૩ |
| શીંગ જી-૨૦ | ૧૧૭૦ | ૧૨૪૦ |
| જુવાર | ૪૧૧ | ૯૬૭ |
| બાજરી | ૪૪૦ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૫૯ | ૬૭૪ |
| અડદ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| મગ | ૧૮૭૨ | ૧૯૯૦ |
| ચણા | ૬૭૮ | ૧૧૯૨ |
| તલ સફેદ | ૩૦૧૨ | ૩૦૧૨ |
| તલ પુરબીયા | ૪૦૧૨ | ૪૦૧૨ |
| ડુંગળી લાલ | ૧૩૬ | ૨૭૪ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૩૦૭ |
| કપાસ શંકર | ૯૦૦ | ૧૦૭૧ |
| નાળીયેર | ૪૧૫ | ૧૭૦૦ |
| **કોડીનાર** | | |

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૪૨૮ |
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૩૪૧ |
| મગફળી ૩૨ | ૧૧૧૬ | ૧૨૪૫ |
| બાજરીહાઈબ્રીડ | ૩૭૦ | ૫૧૯ |
| રાઈ | ૧૦૫૦ | ૧૨૩૨ |
| રાયડો | ૭૫૦ | ૯૭૭ |
| તુવેર | ૧૪૫૦ | ૧૮૪૬ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૬૨ |
| ચણા | ૧૦૨૦ | ૧૨૦૧ |
| જા.તલ | ૩૦૦૦ | ૩૯૯૫ |
| કાળા તલ | ૨૫૦૦ | ૨૯૮૦ |
| સોયાબીન | ૮૧૧ | ૮૫૦ |
| ધાણા | ૮૦૦ | ૧૨૪૮ |
| કાળા તલ | ૨૫૦૦ | ૨૯૮૦ |
| રાયડો | ૭૫૦ | ૯૭૭ |
| ઘઉ લોકવન | ૪૨૫ | ૫૦૨ |
| ઘઉ ભેજવાળા | ૪૦૦ | ૪૫૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૦૦૧ | ૧૪૬૧ |
| ઘઉં લોકવન | ૪૮૪ | ૫૮૬ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૭૩૧ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૨૩૬ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૪૮૧ |
| એરંડા / એરંડી | ૭૦૧ | ૧૧૨૧ |
| તલ કાળા | ૪૫૦૧ | ૬૪૦૧ |
| તલ લાલ | ૩૬૦૦ | ૩૬૦૦ |
| જીરૂ | ૪૫૦૧ | ૬૪૦૧ |
| ક્લંજી | ૨૦૦૦ | ૩૨૯૧ |
| ધાણા | ૮૦૧ | ૧૪૦૧ |
| લસણ સુકું | ૩૪૦૧ | ૮૨૦૦ |
| ડુંગળી લાલ | ૭૧ | ૨૭૬ |
| અડદ | ૧૧૫૧ | ૧૭૬૧ |
| મઠ | ૭૦૧ | ૭૦૧ |
| તુવેર | ૧૧૫૧ | ૧૯૫૧ |
| રાયડો | ૮૦૧ | ૯૭૧ |
| રાય | ૧૨૪૧ | ૧૩૧૧ |
| મેથી | ૯૫૧ | ૧૧૭૧ |
| સુવાદાણા | ૧૮૦૧ | ૧૮૦૧ |
| સુરજમુખી | ૬૬૧ | ૭૫૧ |
| મરચા | ૯૫૧ | ૩૮૦૧ |
| ગુવાર બી | ૬૨૬ | ૯૧૧ |
| મગફળી જાડી | ૭૩૧ | ૧૩૦૦ |
| નવા ધાણા | ૯૦૧ | ૨૦૨૬ |
| નવી ધાણી | ૧૦૦૧ | ૨૮૦૧ |
| નવું જીરૂ | ૫૨૦૧ | ૬૭૫૧ |
| નવું લસણ | ૨૦૯૧ | ૨૨૪૧ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૨૬૨૧ |
| તલ – તલી | ૧૫૦૦ | ૩૧૮૧ |
| ધાણી | ૯૫૧ | ૧૪૧૧ |
| ડુંગળી સફેદ | ૨૧૧ | ૨૭૧ |
| બાજરો | ૩૪૧ | ૩૫૧ |

| | | |
|---|---|---|
| જુવાર | ૭૩૧ | ૮૫૧ |
| મકાઇ | ૪૦૦ | ૪૦૦ |
| મગ | ૮૨૬ | ૨૦૨૧ |
| ચણા | ૮૦૦ | ૧૨૪૧ |
| વાલ | ૪૭૧ | ૧૮૨૬ |
| ચોળા / ચોળી | ૮૦૧ | ૩૩૫૧ |
| સોયાબીન | ૭૫૦ | ૮૭૧ |
| અજમા | ૭૫૦ | ૮૭૧ |
| વટાણા | ૬૩૧ | ૯૫૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૧૪ | ૧૪૩૯ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૭૧૭ |
| ઘઉં | ૬૦૦ | ૬૦૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૫૦ | ૧૪૮૮ |
| ચણા | ૮૪૫ | ૧૦૫૬ |
| ઘઉં લોકવન | ૪૩૮ | ૫૦૯ |
| ઘઉં ટુકડા | ૫૬૫ | ૫૮૦ |
| મગફળી | ૯૯૫ | ૧૧૫૦ |
| તુવેર | ૧૩૪૦ | ૧૭૦૦ |
| જુવાર | ૮૮૦ | ૮૮૦ |
| અડદ | ૧૬૯૦ | ૧૬૯૦ |
| સોયાબીન | ૮૨૦ | ૮૨૦ |
| ધાણા | ૯૧૧ | ૧૪૫૦ |
| લસણ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| તલ સફેદ | ૨૯૩૫ | ૨૯૩૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૯૦ | ૧૦૯૦ |
| તલ સફેદ | ૩૦૨૫ | ૩૦૨૫ |
| કપાસ | ૯૦૦ | ૧૪૪૦ |
| બાજરો | ૪૪૧ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૯૧ | ૬૨૦ |
| જુવાર | ૫૫૦ | ૮૨૫ |
| ચણા | ૧૧૮૧ | ૧૨૦૧ |
| સોયાબીન | ૬૦૦ | ૮૨૧ |
| ધાણા | ૮૦૦ | ૧૦૬૦ |
| મગ | ૨૩૦૧ | ૨૩૦૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૫૦ | ૧૪૭૬ |
| ઘઉં | ૪૫૦ | ૬૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૮૧૧ |
| તુવેર | ૧૩૦૦ | ૧૮૬૮ |
| મગફળી | ૮૦૦ | ૧૨૨૫ |
| સીંગફાડા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| તલ | ૨૦૦૦ | ૨૯૯૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૨૬ |
| સોયાબીન | ૭૫૦ | ૮૫૮ |
| જીરૂ | ૫૫૦૧ | ૫૫૦૧ |

## શબ્દ સંજોગ-૧૭૪૯



**આડી ચાવી :**
(૧) વિશ્વનો એક દેશ (૬)
(૫) તદ્દન, બિલકુલ (૨)
(૭) વિતેલા જમાનાના ગીતકાર.... સુલ્તાનપુરી(૪)
(૮) નહિ જન્મેલું (૨)
(૯) એક પુષ્પ (અ) (૩)
(૧૨) એક ઝાડ (૨)
(૧૪) બુધ્ધિ (૨)
(૧૫) વિલાયતી જોડો (૨)
(૧૬) નાશ પામેલું, પાયમાલ (૨)
(૧૮) સાપની કાંચળી (૨)
(૧૯) ભય, બીક(૨)
(૨૦) મુગટ (૨)
(૨૧) એક કંદ (૩)
(૨૩) કાતરવાનું ઓજાર(૩)
(૨૬) જગા કે પ્રદેશનો માપસર આલેખ (૩)
(૨૮) અમે (અં) (૧)
(૨૯) ઉગ્ર, આકરું (૨)
(૩૦) ધરાવાપણું, સંતોષ (૪)

**ઉભી ચાવી :**
(૨) કર્તવ્ય (૩)
(૩) શાળા (૩)
(૪) મીઠું, લૂણ (૩)
(૫) માટે, વાસ્તે (૨)
(૬) ઉપાડવું- ઉચકવુ તે (૩)
(૮).........બગાડે મતિ (૨)
(૧૦) નિરુપાય, લાચાર (૪)
(૧૧) બીક (૨)
(૧૩) ઝડપ, સ્પીડ (૪)
(૧૪) હંસ (૩)
(૧૭) હાવભાવ, લાડ (૨)
(૧૯) સિંહની ગર્જના (૩)
(૨૨) પરવાનગી, પરવાનો (૩)
(૨૪) એકદમ મારેલી ઝુંટ (૩)
(૨૫) કાંદો, ડુંગળી (૨)
(૨૭) ખોળ, તપાસ (૨)

## શબ્દ સંજોગ-૧૭૪૮ જવાબ

**આડી ચાવી :** (૧) ઉર્ધ્વ (૨) પરાઈ(૪) કને (૫) બારી (૬) શારદા (૭) ટુંબો (૯) સાન (૧૦) વરૂ (૧૧) ધર્માંતર (૧૩) કોર (૧૫) સામ (૧૬) રંગાઈ (૧૮) માધ્ય (૧૯) ત્રાસ (૨૧) માણેક (૨૩) ભાન (૨૪) રંગપંચમી (૨૬) વાણ (૨૭) હદ (૨૮) ગલ.
**ઉભી ચાવી :** (૧) ઉલટું (૨) પરી (૩) ઈશાન(૪) કદાવર (૮) બોધ (૯) સાર (૧૨) તપ્ત (૧૩) કોચ (૧૪) ત્રિરંગી (૧૫) સાધ્ય (૧૭) ઈમાન (૧૮) માકરંદ (૨૦) સરમી (સમીર) (૨૨) અપંગ (૨૩) ભાણ (૨૫) ચલ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ઓક્સફર્ડ સાયન્સ સ્કૂલમાં દશાબ્દી મહોત્સવ અને ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

અમેરલી, તા.૧૪

અમરેલીમાં કેરીયા રોડ પર આવેલી ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સમાં દશાબ્દી વર્ષની ઉજવણી સાથે ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલાના વર્ચ્યુઅલ સંદેશા બાદ ગણેશસ્તૂતિ દ્વારા કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને સહકારી નેતા દિલીપભાઈ








સંઘાણીના હસ્તે બિલ્ડીંગ પર ત્રિરંગો લહેરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્કૂલ કેમ્પસમાં અદ્યતન બોયઝ હોસ્ટલનું લોકાર્પણ સતાધારના મહંત વિજયબાપુ, દિલીપભાઈ સંઘાણી, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા તેમજ મહાનુભાવોના હસ્તે શ્રીફળ વધેરી કરવામાં આવ્યુ હતું. ઉપરાંત ગણિતના જ્ઞાતા એચ. એલ. પટેલના હસ્તે લિખિત ત્રણ પુસ્તકોનું વિમોચન દિલીપભાઈ સંઘાણી, કૌશિકભાઈ વેકરીયા અને વિજયબાપુ તેમજ પારૂલ યુનિ. ના દેવાંશુભાઈ પટેલ, હિરેનભાઈ હીરપરા, મુકેશભાઈ સંઘાણી, નગરપાલિકા પ્રમુખ બીપીનભાઈ લીંબાણી વગેરે મહાનુભાવોના હસ્તે અને ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. પધારેલ તમામ મહાનુભાવોનું સંસ્થાના વડા મયુરભાઈ ગજેરા દ્વારા પુષ્પગુચ્છ વડે સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કે જેમણે સંસ્થાનું નામ રોશન કર્યુ છે તેમને પણ મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. બીજા સેશનમાં પ્રતિભા પારખવાનું ટાણુ અને જિલ્લા સાંસદ સાંસ્કૃતિક મહોત્સવ યોજાયા હતા. પદ્મશ્રી જગદીશભાઈ ત્રિવેદીએ ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. આ તકે વિવિધ સંસ્થાના પ્રિન્સીપાલ, રાજકીય મહાનુભાવો, સામાજિક આગેવાનો તેમજ સંતો મહંતો, વાલીગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ૪૦ વાનમાં એલઈડી સ્ક્રીન દ્વારા ઈવીએમ ડેમોસ્ટ્રેશન અને ચૂંટણીલક્ષી માહિતી

અમરેલી, તા.૧૪

આગામી લોકસભાની ચૂંટણીમાં રાજ્યમાં મહત્તમ મતદાન થાય તે માટે નાગરિકોમાં જાગૃતિ કેળવવા મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતી દ્વારા ફ્લેગ ઑફ કરી EVMના લાઈવ ડૅમોન્સ્ટ્રેશન અને ઑડિયો-વિઝ્યુઅલની વ્યવસ્થાથી સજ્જ LED વાનને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. રાજ્યભરમાં ૪૦ જેટલી જાગૃતિ વાન દ્વારા વિવિધ



જિલ્લાના દૂધ મંડળી અને ગામના ચોરા જેવા ગ્રામ્ય વિસ્તાર તથા કૉલેજ, યુનિવર્સિટી કેમ્પસ, GIDC વિસ્તાર અને બગીચા જેવા શહેરી વિસ્તારોમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યા છે. રાજ્યના તમામ મતક્ષેત્રમાં નિશ્ચિત રૂટ પર આ LED વાન સાથે ચૂંટણી તંત્રના કર્મચારીઓ દ્વારા ચૂંટણીલક્ષી માહિતી માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ મોબાઈલ ઍપ્સ તથા EVM અને VVPAT દ્વારા મતદાનની પ્રક્રિયાના લાઈવ ડૅમોન્સ્ટ્રેશન સહિતની બાબતોથી મતદારોને અવગત કરાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત ચૂંટણીમાં દરેક મતનું મૂલ્ય સમજાવી મતદારોને પોતાના મતાધિકારના ઉપયોગ અંગે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

# મોટાઝીંઝુડામાં રામજી અને રાધાકૃષ્ણ મંદિરનો ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

સાવરકુંડલા, તા.૧૪

સાવરકુંડલા તાલુકાના મોટાઝીંઝુડા ગામ ખાતે ભગવાન રામ, લક્ષ્મણ, જાનકીજી અને રાધાકૃષ્ણના નૂતન મંદિરની તેમજ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ત્રણ દિવસ સુધી ઉજવણી કરવામાં આવી હતી. આ તકે પંચ દસનામ જુના અખાડા મહામંડલેશ્વર જયઅંબાનંદ ગીરી માતાજી તેમજ મોરારીબાપુ ઉપસ્થિત રહ્યા હતા.



મોટાઝીંઝુડા રામજીમંદિર અને રાધાકૃષ્ણ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે હેમાદ્રિ, કુટિર હોમ, પંચાગ હોમ, ગામના મુખ્ય માર્ગો પર વિશાળ શોભાયાત્રા, મંડપ પ્રવેશ, જળયાત્રા, મહાઅભિષેક, મહાયજ્ઞ, સંધ્યા પૂજન, શિખર કળશ, ધ્વજારોહણ વગેરે ધાર્મિક પ્રસંગોની ઉજવણી કરવામાં આવી હતી. રાત્રે ભવ્ય સંતવાણીમાં ભજનીક ગોપાલ સાધુ, સંગીતા લાંબડિયા સહિતના કલાકારો દ્વારા ડાયરો યોજાયો હતો. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સાથે સામાજીક કાર્યક્રમો, વૃક્ષારોપણ, પર્યાવરણ જાગૃતિ, પ્રાકૃતિક ખેતી જાગૃતિ, રક્તદાન કેમ્પ, વ્યસન મુક્તિ અભિયાન વગેરે કાર્યક્રમો યોજાયા હતાં.

# લીંબડીયાના સાત હનુમાન મંદિરે શ્રીમદ ભાગવદ સપ્તાહ પારાયણ યોજાશે

બાબરા, તા.૧૪

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ધીરજધામ તરીકે પ્રસિધ્ધ લીંબડીયા ગામે સાત હનુમાનનું સુપ્રસિધ્ધ મંદિર આવેલ છે. આ ધીજરામબાપાને શ્રધ્ધાંજલિ આપવા નિમિત્તે દિવ્ય ભંડારાનું આયોજન કરવામાં આવ્યુ છે સાથે જ શ્રીમદ ભાગવત સપ્તાહનું પણ ભવ્ય આયોજન શ્રીમતી પુષ્પાબેન કાકડીયા અને હિતેશભાઈ કાકડીયાના યજમાન પદે કરવામાં આવ્યુ છે. સાત હનુમાન મંદિરે આગામી તા. ૧૮ના રોજથી આ કથાનો પ્રારંભ થશે અને તા. ૨૪ના રોજ કથા વિરામ લેશે. કથામાં વ્યાસપીઠ પરથી મહેશપ્રસાદદાસજી કથાનું રસપાન કરાવશે. ભાગવત સપ્તાહ અંતર્ગત રોજે રોજ વિવિધ ધાર્મિક પ્રસંગો જેવા કે પોથીયાત્રા, નૃસિંહ પ્રાગટય, સુદામા ચરિત, રૂક્ષ્મણી વિવાહ, ગોવર્ધન લીલા, કપીલ જન્મ, કૃષ્ણ જન્મ વગેરે ઉજવવામાં આવશે. આ તકે રાજયભરના રાજકીય અને સામાજિક આગેવાનો, સંતો મહંતો અને ઉદ્યોગપતિઓને કથાનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. તો આ દિવ્ય ભાગવત સપ્તાહનો લાભ લેવા જાહેર જનતાને પણ આયોજકો તેમજ સાત હનુમાન ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી નિમંત્રણ આપવામાં આવ્યુ છે.

# સાવરકુંડલા તાલુકાના ભુવા ગામમાં બળદ પ્રત્યેના પારિવારિક તાણાવાણાની ઝલક જોવા મળી

સાવરકુંડલા,તા.૧૪

સાવરકુંડલા તાલુકાના ભુવા ગામમાં બળદ પ્રત્યેના પારિવારિક તાણાવાણાની ઝલક જોવા મળી હતી. અહીં બળદનું નિધન થતાં પરિવારનું સ્વજન ગુમાવ્યું હોય તેવાં ભાવ સાથે દુઃખી હૃદયે સમાધિ આપી હતી. સાવરકુંડલા તાલુકાનું ભુવા ગામ આમ તો શિક્ષણપ્રેમી, ધર્મપ્રેમી અને જીવદયામાં અપાર શ્રધ્ધા ધરાવતું ગામ છે. ભુવા ગામમાં જયસુખભાઈ ભગવાનભાઈ



ભાલાળાનો બળદ ૨૧ વર્ષથી પરિવારના સભ્યની જેમ ખેતીકામ કરતો હોય,અવસાન થતાં ખૂબ જ દુઃખી હૈયે એને સમાધિ આપવામાં આવી હતી. આમ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના સંસ્કારના દર્શન અહીં થતાં જોવા મળ્યા હતા.

# બગદાણાના મેનેજિંગ ટ્રસ્ટી મનજીદાદાનું અવસાનઃ સમગ્ર પંથકમાં શોકની લાગણી

મહુવા,૧૪

બગદાણાના મેનેજિંગ ટ્રસ્ટી મનજીદાદાનું સુરત મુકામે દુઃખ અવસાન થયું છે. મનજીભાઈનો પાર્થિવદેહ સુરતથી બગદાણા લાવવામાં આવશે. તેમના અવસાનના સામચારથી સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરી શ્રદ્ધાંજલિ પાઠવી દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે કહ્યું કે, સમાજસેવા ક્ષેત્રે તેમનું યોગદાન હંમેશા યાદ



રહેશે.ગુરુ આશ્રમ બગદાણામાં તેઓના પાર્થિવદેહને દર્શન માટે લાવવામાં આવશે. આવતીકાલે બપોરે ત્રણ કલાકે તેઓની અંતિમયાત્રા બગદાણા મુકામે રાખવામાં આવી છે.મનજીભાઈના અવસાનના સમાચારથી બગદાણા પંથકમાં શોકમય વાતાવરણ ફેલાયું છે. મનજીભાઈનો પ્રથિવદેહ બગદાણા લાવમાં આવશે અને બજરંગદાસ બાપાના આશ્રમમાં દર્શન માટે રાખવામાં આવશે. મનજીભાઈના દુઃખદ સમાચાર મળતાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વિટ કરી શોક સંદેશો પાઠવી અને દુઃખ વ્યક્ત કર્યું છે. સમગ્ર પંથકમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

# SGVP ગુરુકુલમાં અમિત શાહ, ભૂપેન્દ્ર પટેલ અને હાર્દિક પંડ્યાનું વિશેષ સન્માન

## ગુરુકુલના આધુનિક સ્ટેડિયમમાં GLPL ઉદ્‌ઘાટન સમારોહનું આયોજન થયું

અમદાવાદ,તા.૧૪

ગુજરાત સરકાર દ્વારા, SGVP ગુરુકુલના આધુનિક સુવિધાથી સજ્જ વિશાળ ક્રિકેટ ગ્રાઉન્ડ પર ગાંધીનગર લોકસભા



પ્રીમિયર લીગ GLPL ઉદ્‌ઘાટન સમારોહનું ભવ્ય આયોજન થયું, જેમાં ૧૫૦૦ ક્રિકેટરો ભાગ લેશે. આ ઉદ્‌ઘાટન સમારોહમાં, મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તથા આમંત્રિત અતિથિ તરીકે ભારતીય ક્રિકેટ ટીમના ક્રિકેટર હાર્દિક પંડયાનું SGVP ગુરુકુલ વતી કોઠારી ધર્મનંદનદાસજી સ્વામી, પૂજ્ય ભક્તવત્સલદાસજી સ્વામી તથા પૂજ્ય કુંજવિહારીદાસજી સ્વામી અને રમેશભાઈ પટેલે સ્વાગત સન્માન કર્યું હતું. ઓપનિંગ મેચમાં ગાંધીનગર નોર્થ ક્રિકેટ ટીમ સામે ઘાટલોડિયા ક્રિકેટ ટીમનો ૭ વિકેટે વિજય થયો હતો.

# રેલવે ટ્રેક ઉપર સિંહોના મોત બાદ વનવિભાગે ગામડામાં લોકોને જાગૃત કરી માહિતીઓ આપી

રાજુલા,તા.૧૪

દેશની શાન અને ગુજરાતનું ગૌરવ એશિયાટિક સાવજોના અમરેલી જિલ્લામાં રેલવે ટ્રેક ઉપર પેસેન્જર અને ગુડ્સ ટ્રેન અડફેટે સિંહોના મોત થવાની ઘટનાઓ અને રેલવે ટ્રેક ઉપર સિંહો આવી જવાની ઘટનાઓ બાદ વર્ષ ૨૦૧૪માં રાજય સરકાર દ્વારા ૩૦ કરોડ ઉપરાંતનો ખર્ચ કરી ફૅસિંગ લગાવવામાં આવી હતી,



તેમ છતાં સિંહો કેટલીક વખત છલાંગ લગાવી ટ્રેક ઉપર આવી જવાની ઘટનાઓ બની રહી છે. આ પ્રકારની ઘટનાઓ બાદ ફરી સિંહોના મોત વધતા હવે સિંહોને બચાવવા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. રેલવે ટ્રેક નજીક ૧૫ જેટલા ગામડા આવેલા છે જ્યાં સતત સિંહો આવી જવાની ઘટનાઓ બનતી હતી ત્યારે વનવિભાગના અધિકારીઓ, રાજુલા બૃહદગીર રેન્જ દ્વારા સિંહોને બચાવવા માટે નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે ગામડાના ખેડૂતો સહિત સ્થાનિકોને જાગૃત કરવા માટે બેઠકો યોજી પત્રિકાઓ મારફતે તમામ ઓફિસરો અને ફિલ્ડમાં કામ કરતા વનકર્મચારીઓના નંબર જાહેર કરવામાં આવ્યા છે.

-// સબ ડિવિઝનલ મજીસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી //-

અપીલ રજી. નં.૧૭/૨૦૨૪

અરજદારઃ- શ્રી કુંડલીયા કુલસમબેન આદમભાઈ
રે. મણીનગર, બાગે ઝોહરા પાસે,
મુ. અમરેલી, તા. જિ. અમરેલી

-: વિરૂધ્ધ :-

સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
નગરપાલીકા કચેરી, મુ.અમરેલી, તા.જિ. અમરેલી

-:જાહેર નોટીસઃ-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી ગામના કુંડલીયા કુલસમબેન આદમભાઈ તેઓના દિયર ગુલમહમદ અહબીબ કુંડલીયા નો જન્મ તા.૦૫/૦૬/૧૯૬૫ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૦૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી

# કોડીનારનાં દામલી મુકામે "કુપોષણ મુક્ત બાળક પોષણ યુક્ત ભારત" વિષય પર સેમિનાર યોજાયો

કોડીનાર,તા.૧૪

કોડીનારનાં દામલી આંગણવાડી મુકામે "કુપોષણ મુક્ત બાળક પોષણ યુક્ત ભારત" વિષય પર સેમિનાર યોજાયો હતો.

આ સેમિનારમાં તાલુકા કાનૂની સેવા સમિતિ, ત્રિનેત્ર ફાઉન્ડેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ કોડીનારનાં સંયુકત ઉપક્રમે દામલી ગામની આંગણવાડી મુકામે મહિલાઓ



તેમજ નાના ભૂલકાઓને પોષણ યુક્ત આહાર તેમજ બાળકોને બાળપણથી સારો અને પૌષ્ટીક આહાર આપવો જોઈએ અને બાળકનો સર્વાંગી વિકાસ થાય તેવાં પોષક દ્રવ્યોથી ભરપૂર હોય તેવો આહાર બાળકને આપવો તેમજ કેવો આહાર બાળકને આપવો તે અને મહિલાઓનાં અધિકારો તેમજ તેની ઉપયોગીતા વિશે આ સેમિનારમાં સમજાવવામાં આવ્યું હતું.

લીગલ સુપરિટેન્ડેન્ટ કે.એમ. પરમારનાં માર્ગદર્શન હેઠળ પી. એલ.વી પ્રકાશ જે. મકવાણા અને ત્રિનેત્ર ફાઉન્ડેશનનાં સભ્ય મેરાજ કાજી તેમજ નાના ભૂલકાઓને અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો.

CHANGE OF NAME & SURNAME

I Undersigh I SOJITRA BHADRESHBHAI GOKULBHAI have changed my Surname & name from SOJITRA BHADRESHKUMAR GOKALBHAI To SOJITRA BHADRESHBHAI GOKULBHAI (New) Now i will be known as SOJITRA BHADRESHBHAI GOKULBHAI (new)
Sigh : SOJITRA BHADRESHBHAI GOKULBHAI
Address: AT- SIMARAN, TAL-SANARKUNDLA, Dist AMRELI-364521- GUJARAT.


CHANGE OF NAME & SURNAME

I Undersigh I BHADANI NAYAN GHANSHYAMBHAI have changed my Surname & name from BHADANI NAYANBHAI GHANSHYAMBHAI To BHADANI NAYAN GHANSHYAMBHAI (New) Now i will be known as BHADANI NAYAN GHANSHYAMBHAI (new)
Sigh: BHADANI NAYAN GHANSHYAMBHAI
Address: AT- OLIYA, TAL- SANARKUNDLA, DIST- AMRELI-364515- GUJARAT.

૧૪ ફેબ્રુઆરી અને બુધવારે જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લામાં થયેલા આતંકવાદી હુમલાને પાંચ વર્ષ પૂર્ણ થયા

# વડાપ્રધાન મોદીએ પુલવામામાં શહીદ થયેલા વીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૪

વર્ષ ૨૦૧૯નો આજનો દિવસ એટલે કે ૧૪ ફેબ્રુઆરીના દિવસે જ પુલવામામાં થયેલ આતંકવાદી હુમલામાં આપણાં ૪૦ વીર જવાનો શહીદ થયા હતા. આજે આ હુમલાની વરસીના દિવસે વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પુલવામામાં શહીદ થયેલા વીરોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. મહત્વનું છે કે, આજે એટલે કે ૧૪ ફેબ્રુઆરી અને બુધવારે જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લામાં થયેલા આતંકવાદી હુમલાને પાંચ વર્ષ પૂર્ણ થયા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે પુલવામા આતંકવાદી હુમલામાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું, 'હું પુલવામામાં શહીદ થયેલા વીરોને શ્રદ્ધાંજલિ આપું છું. દેશ માટે તેમની સેવા અને બલિદાન હંમેશા યાદ રહેશે.

બુધવારે જમ્મુ-કાશ્મીરના પુલવામા જિલ્લામાં થયેલા આતંકવાદી હુમલાને પાંચ વર્ષ પૂર્ણ થયા છે. વડાપ્રધાન ઉપરાંત કેન્દ્રીય મંત્રીઓ, વિવિધ પક્ષોના નેતાઓ તથા શહીદ થયેલા જવાનોના પરિવારે પણ શ્રધ્ધાંજલિ અર્પિત કરી છે.

# ખેડૂતોને કોઈપણ સંજોગોમાં દિલ્હીમાં પ્રવેશ ન આપવાનો આદેશઃ રિઝર્વ ફોર્સ પણ તૈયાર

## સિંધુ બોર્ડર સીલ કરવાને કારણે લોકોને પગપાળા લાંબુ અંતર કાપવું પડ્યું હતું

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૪



પોલીસકર્મીઓ ઉપરાંત રિઝર્વ ફોર્સ પણ તૈયાર કરવામાં આવી છે. હાલ માત્ર પોલીસ સ્ટેશનમાં જ રહેવાના આદેશ આપવામાં આવ્યા છે. સ્પેશિયલ પોલીસ કમિશનર સરહદોની સુરક્ષાની જવાબદારી સંભાળે છે. પોલીસનો કડક આદેશ છે કે કોઈ પણ ખેડૂતને નવી દિલ્હી જિલ્લામાં પ્રવેશ ન કરવો જોઈએ. સરહદો ઉપરાંત, નવી દિલ્હી તરફ જતા માર્ગો પર ૨૪ કલાક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે આ વખતે ખેડૂતો સાથે કડકાઈથી વ્યવહાર કરવાના આદેશો મળ્યા છે. કોઈ પણ સંજોગોમાં ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશવા દેવામાં આવશે નહીં. જરૂર પડ્યે લાઠીચાર્જ, અટકાયત, ટીયર ગેસના શેલ અને રબર બુલેટનો ઉપયોગ કરવાના આદેશ આપવામાં આવ્યા છે. જંતર-મંતર ઉપરાંત સંસદ ભવન, ગૃહમંત્રી અમિત શાહ અને વડાપ્રધાનના નિવાસસ્થાને પણ સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી હતી.

ગુરુગ્રામ, ફરીદાબાદ, મેવાત, રાજસ્થાન, નોઈડા, ફરીદાબાદ અને હરિયાણાના પોલીસ અધિકારીઓ સાથે વાત કરીને સહયોગ માંગવામાં આવી રહ્યો છે. દરેક વાહનને ચેકિંગ કર્યા પછી જ દિલ્હીમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી રહી છે. તે જ સમયે, પોલીસે કેટલાક પોલીસ સ્ટેશનોમાં ૧૫ થી વધુ ડિટેન્શન સેન્ટર બનાવ્યા છે.

# રાજ્યસભાની ચૂંટણીમાં 'અપના દળ' સમાજવાદી પાર્ટીને વોટ નહીં આપે

(એ.આર.એલ),લખનૌ,તા.૧૪




અપના દળ (કામેરાવાડી)ના નેતા અને સિરથુથી સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય પલ્લવી પટેલે રાજ્યસભાની ચૂંટણી માટે એસપી દ્વારા જાહેર કરાયેલા ઉમેદવારોને પીડીએ (પછાત, દલિત અને લઘુમતી)ની ઉપેક્ષા ગણાવ્યા છે. તેમણે કહ્યું કે તે રાજ્યસભાની ચૂંટણીમાં સપાના ઉમેદવારોની તરફેણમાં મતદાન કરશે નહીં. મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે રાજ્યસભાની ચૂંટણી માટે પીડીએની ફ્લેગ બેરર બનેલી સપાએ જયા બચ્ચન અને રિટાયર્ડ આઈએએસ ઓફિસર આલોક રંજનને પોતાના ઉમેદવાર તરીકે ઉતારીને પીડીએના અધિકારોનું ઉલ્લંઘન કર્યું છે.

સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય પલ્લવી પટેલે કહ્યું કે રાજ્યસભાના ઉમેદવારોની પસંદગી અંગે સપાએ તેમની સાથે સલાહ લીધી નથી. સપા પ્રમુખ અખિલેશ યાદવે આ ઉમેદવારોને પીડીએની ભાવના વિરુદ્ધ નક્કી કર્યા છે. આવી સ્થિતિમાં તે સપાના ઉમેદવારોની તરફેણમાં વોટ નહીં આપે.

# દેશભરમાં વસંત પંચમીનો તહેવાર ભક્તિ અને ઉત્સાહ સાથે મનાવવામાં આવ્યો

મોદીએ દેશવાસીઓને બસંત પંચમીની શુભેચ્છા પાઠવી, ૧૪.૭૦ લાખ લોકોએ પ્રયાગરાજમાં ગંગામાં ડૂબકી લગાવી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૪



દેશભરમાં વસંત પંચમીનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવ્યો છે. આ શુભ અવસર પર પ્રયાગરાજમાં ગંગા સ્નાન કરવા માટે ભક્તો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને વસંત પંચમીની શુભેચ્છા પાઠવી છે. દર વર્ષે માઘ માસની પંચમીના રોજ વસંત પંચમીનો તહેવાર ઉજવવામાં આવે છે. આ દિવસે માતા સરસ્વતીની પૂજા કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ દિવસે દેવી સરસ્વતીની પૂજા કરવાથી બુદ્ધિ, જ્ઞાન અને કલામાં વધારો થાય છે. 'X' પર એક પોસ્ટમાં મોદીએ કહ્યું, ''દેશભરના મારા પરિવારના સભ્યોને વસંત પંચમી અને સરસ્વતી પૂજાની શુભકામનાઓ.''

પ્રયાગરાજના સંગમ શહેરમાં માઘ મેળાના ચોથા સ્નાન ઉત્સવ, વસંત પંચમીના રોજ, લગભગ ૧૪.૭૦ લાખ લોકોએ 'હર હર ગંગે' ના નારા વચ્ચે સવારે ૮ વાગ્યા સુધી ગંગા અને પવિત્ર સંગમમાં શ્રદ્ધાથી ડૂબકી લગાવી હતી. માઘ મેળા પ્રશાસનના એક અધિકારીએ જણાવ્યું કે સવારથી વાદળછાયું આકાશ અને મંગળવારે વરસાદ પછી ઠંડા વાતાવરણ છતાં બુધવારે સવારે ૮ વાગ્યા સુધી લગભગ ૧૪ લાખ ૭૦ હજાર લોકોએ ગંગા અને સંગમમાં સ્નાન કર્યું હતું.

# બદ્રીનાથ ધામના દ્વાર ૧૨ મે ૨૦૨૪ના રોજ બ્રહ્મમુહૂર્તમાં ખૂલશે

(એ.આર.એલ),બદ્રીનાથ,તા.૧૪



બદ્રીનાથ ધામના દરવાજા ૧૨ મેના રોજ સવારે ૬ વાગ્યે બ્રહ્મમુહૂર્તમાં ખુલશે. આજે, વસંત પંચમી નિમિત્તે, નરેન્દ્રનગર (તેહરી) સ્થિત રાજદરબારમાં દરવાજા ખોલવાની તારીખ જાહેર કરવામાં આવી હતી. બદ્રીનાથ ધામના દરવાજા ખોલવાની તારીખ નક્કી કરવાની પ્રક્રિયા માટે, ગડુઘડા (તેલ-ભઠ્ઠી) મંગળવારે સાંજે શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ડિમરથી ચંદ્રભાગા ખાતે શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના વિશ્રામગૃહ પર પહોંચ્યા હતા. જ્યાં શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ સહિતના ભક્તોએ તેલના કલશનું સ્વાગત કર્યું હતું. બીકેટીસી પ્રમુખ અજેન્દ્ર અજયે કહ્યું કે શ્રી દિમરીને ધાર્મિક કેન્દ્રીય પંચાયત વતી ગડુઘડા મહેલ સોંપવામાં આવ્યો હતો.

શ્રી બદ્રીનાથ ધામના દરવાજા ખોલતા પહેલા, તલના તેલથી છંટકાવ કર્યા પછી, તેને ગડુઘાડા નરેન્દ્ર નગર રાજદરબારથી શ્રી નૃસિંહ મંદિર, યોગ બદ્રી પાંડુકેશ્વર થઈને ડીમર થઈને શ્રી બદ્રીનાથ ધામ લઈ જવામાં આવશે.

# ન્યાયિક અધિકારીઓના પ્રમોશન ઈન્ટરવ્યુમાં ૫૦% માર્ક્સની શરત સાચી, સુપ્રીમ કોર્ટ

નિયમો મૌખિક પરીક્ષા માટે લઘુત્તમ કટ-ઓફ માપદંડો નિર્ધારિત કરતા નથી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૪



સુપ્રીમ કોર્ટે પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ દ્વારા નિર્ધારિત માપદંડને સમર્થન આપ્યું હતું જેમાં ન્યાયિક અધિકારીઓને ડિસ્ટ્રિક્ટ જજની પોસ્ટ પર બઢતી મેળવવા માટે ઈન્ટરવ્યુમાં ઓછામાં ઓછા ૫૦ ટકા માર્ક્સ મેળવવાની જરૂર છે. સીજેઆઇ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની ત્રણ જજોની બેન્ચે ૧૩ ન્યાયિક અધિકારીઓને બઢતી આપવાના હાઈકોર્ટના નિર્દેશને પડકારતી અસફળ ઉમેદવારો અને હરિયાણા સરકારની સ્પેશિયલ લીવ પિટિશનને ફગાવી દીધી હતી. આ કેસ હરિયાણા સુપિરિયર જ્યુડિશિયલ સર્વિસ રૂલ્સ, ૨૦૦૭ ના નિયમ ૮ માં ઉલ્લેખિત પ્રમોશન પ્રક્રિયા હેઠળ મેરિટ-કમ-વરિષ્ઠતા દ્વારા પસંદગી માટે ૬૫ ટકા ક્વોટા સાથે સંબંધિત છે. હાઈકોર્ટની કાર્યવાહીને મુખ્યત્વે એ આધાર પર પડકારવામાં આવી હતી કે નિયમો મૌખિક પરીક્ષા માટે લઘુત્તમ કટ-ઓફ માપદંડો નિર્ધારિત કરતા નથી. હરિયાણા રાજ્યએ આ આધાર પર નિર્દેશ સામે વાંધો ઉઠાવ્યો કે હાઈકોર્ટે માપદંડ ઘડતા પહેલા કલમ ૨૩૩ મુજબ રાજ્ય સરકાર સાથે સલાહ લીધી ન હતી.

# હાઈવે-રસ્તાઓ વારંવાર તૂટી જતા રોકવા માટે કોન્ટ્રાકટરોની ૧૦ વર્ષની જવાબદારી નક્કી કરાશે

નવીદિલ્હી તા.૧૪



શહેર હોય કે અન્ય હાઈવે, રસ્તાઓ વારંવાર ભાંગી જતા હોવાના ઘટનાક્રમને રોકવા માટે કેન્દ્ર સરકારે કોન્ટ્રાકટરોની જવાબદારી વધારવા જેવી નવી પ્રક્રિયા લાગુ કરવાની દિશામાં વિચારણા હાથ ધરી છે. રસ્તા માટે એન્જીનીયરીંગ-પ્રોકયોરમેન્ટ-કન્સ્ટ્રકશન (ઈપીસી) હેઠળ ક્ષતિની જવાબદારી ૧૦ વર્ષની થશે. રસ્તાઓની જાળવણી-મરામત પાછળ લખલૂંટ ખર્ચ નિયંત્રીત કરવાનો ઉદેશ છે. કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયના સિનિયર અધિકારીએ કહ્યું કે સંબંધીત પક્ષકારો સાથે વાતચીત શરૂ કરી દેવામાં આવી છે. નવા નિયમો સાથેની દરખાસ્ત તાત્કાલીક જ કરાશે જેનાથી રસ્તાની ગુણવત્તામાં સુધારો થવાની સાથોસાથ માર્ગ અકસ્માતો ઘટાડવાનો પણ ઉદેશ છે. રસ્તાની ગુણવત્તા સુધારવા માટે ઈપીસી કોન્ટ્રાકટ હેઠળ જવાબદારી ૧૦ વર્ષની કરવા માટે નિષ્ણાંતો સાથે પરામર્શ કરવામાં આવી રહ્યો છે. ઈપીસી અંતર્ગત નિયત સમયગાળા બાદ હાઈવેની જાળવણીની જવાબદારી કેન્દ્ર સરકાર પર આવી જાય છે. કોન્ટ્રાકટર માત્ર નિયત સમયગાળા માટે જ જવાબદાર રહે છે. ૨૦૨૪-૨૫ માટે રસ્તાની જાળવણી માટે ૨૬૦૦ કરોડની અંદાજપત્રીય જોગવાઈ કરવામાં આવી છે. ૨૦૨૨-૨૩માં આમાં ૨૫૭૩.૬૬ કરોડનો ખર્ચ થયો હતો.

જય મહાકાલ નામની આઠ ફેરી બોટને તારીખ ૧૪ થી ૨૧ ફેબ્રુઆરી સુધી મોકૂફ રાખવા તેમજ શરતોના ભંગ બદલ રૂ. ૫૦૦ નો દંડ

# લાઈફ જેકેટ નહીં પહેરાવતા ઓખાની આઠ ફેરી બોટના લાયસન્સ સસ્પેન્ડ

(એ.આર.એલ),જામખંભાળીયા, તા.૧૪



ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ઓખાથી બેટ દ્વારકા વચ્ચે ચાલતી ફેરીબોટમાં નિયમોની અમલવારી કરવા માટે સમયાંતરે ચેકિંગ તેમજ કડક કામગીરી કરવામાં આવે છે. ત્યારે ઓખાથી બેટ દ્વારકા વચ્ચે દરિયાઈ માર્ગ પર ચાલતી જુદી જુદી આઠ ફેરી બોટના ભરવાના શરત ભંગના કારણોસર એક સપ્તાહ માટે સસ્પેન્ડ કરતો હુકમ કરવામાં આવ્યો છે. જાણવા મળતી વિગત મુજબ યાત્રિક સાથે ગેરવર્તન કરવા, મુસાફરોને લાઈફ જેકેટ ન પહેરાવવા, અન્ય જગ્યાએ મુસાફરને ઉતારવા, વારા પ્રમાણે બોટ ન ચલાવવા સહિતના જુદા જુદા કારણસર ચાંદ તારો, શેરે કિરમાની, શહેનશાહ કિરમાની, ભાગ્યલક્ષ્મી, અલ મદીના, રમજાન, ઝીલ અને જય મહાકાલ નામની આઠ ફેરી બોટને તારીખ ૧૪ થી ૨૧ ફેબ્રુઆરી સુધી પરવાના મોકૂફ રાખવા તેમજ શરતોના ભંગ બદલ રૂ. ૫૦૦ નો દંડ કરતો હુકમ ગુજરાત મેરીટાઈમ બોર્ડના બંદર અધિકારી દ્વારા કરવામાં આવ્યો છે.

# અશોક ચવ્હાણને રાજયસભાની ટિકિટ આપી સૌને ચોંકાવી દીધા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૪




ભારતીય જનતા પાર્ટીએ મહારાષ્ટ્રમાં ઉમેદવારોની યાદી બહાર પાડી સૌને ચોંકાવી દીધા છે. કારણ કે તાજેતરમાં જ કોંગ્રેસ છોડીને ભાજપમાં સામેલ થનારા મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણને ઉમેદવાર બનાવ્યા છે. ભાજપે ચવ્હાણને મહારાષ્ટ્રથી સંસદના ઉપલા ગૃહમાં મોકલવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત ભાજપે આજે ગુજરાતના ઉમેદવારોની પણ યાદી જાહેર કરી છે, જેમાં જે.પી.નડ્ડા અને ગોવિંદ ધોળકિયા સામેલ છે. ભાજપે મહારાષ્ટ્રથી અશોક ચવ્હાણ ઉપરાંત મેધા કુલકર્ણી અને અજીત ગોપછડેને ઉમેદવાર બનાવ્યા છે. રાજ્યમાં રાજ્યસભા માટે કુલ પાંચ બેઠકો પર ચૂંટણી યોજાવાની છે. ભાજપે ગુજરાતમાંથી ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડા, જાણીતા ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકિયા, મયંક નાયક અને જશવંતસિંહ સલામસિંહ પરમારને રાજ્યસભા ઉમેદવાર બનાવ્યા છે.

અકસ્માત બાદ પુત્રીનું ઘટનાસ્થળે તો પિતાનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યુ

# નવસારીમાં રોંગ સાઈડ આવતા ટેમ્પોએ બાઈકને અડફેટે લેતા પિતા-પુત્રીનું મોત

(એ.આર.એલ),નવસારી,તા.૧૪



વાંસદા તાલુકામાં ગમખ્વાર અકસ્માત થયો છે. વાંસદા ધરમપુર હાઈવે ઉપર આવેલા જામલીયા ગામ પાસે રોંગ સાઈડ આવતા ટેમ્પો ચાલકે બાઈક પર જતા પિતા પુત્રીને અડફેટે લીધા હતા. જેમાં પિતા અને પુત્રી બંનેના મોત નિપજ્યા છે. આ અકસ્માતને કારણે આખા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. મૃતકના દીકરાએ ટેમ્પો ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. તો બીજી બાજુ અકસ્માત કરી ટેમ્પો ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો છે. વાંસદા પોલીસે ગુનો નોંધીને આગળની તપાસ શરૂ કરી છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, વાંસદા ધરમપુર હાઈવે ઉપર આવેલા જામલીયા ગામ પાસે રોંગ સાઈડ આવતા ટેમ્પો ચાલકે પિતા પુત્રીને અડફેટે લીધા હતા. જેમાં પિતા સુરેશભાઈ ચૌધરી અને પુત્રી મનીષા ચૌધરીનું મોત નિપજતા આખા પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.અકસ્માત બાદ પુત્રીનું ઘટનાસ્થળે તો પિતાનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યુ છે. આ ગોઝારા અકસ્માતને કારણે પરિવારનો માળો વિખેરાઈ ગયો છે. આ અકસ્માત કરીને રોંગ સાઈડ આવેલ ટેમ્પો ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. મૃતક સુરેશભાઈના પુત્રએ ફરાર ટેમ્પો ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

# બચ્ચન દંપતીની કુલ સંપત્તિ રૂા.૧૫૭૮ કરોડ, અમિતાભની ગયા વર્ષની કમાણી રૂા.૨૭૩ કરોડ

(એ.આર.એલ),નવી દિલ્હી,તા.૧૪



સદીના મહાનાયક અમિતાભ બચ્ચનની કમાણી દર વર્ષે વધી રહી છે. ગયા વર્ષે તેણે ૨૭૩ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ વાતનો ખુલાસો તેમની પત્ની જયા બચ્ચને રાજયસભાની ચૂંટણી માટેના તેમના નોમિનેશનમાં કરેલા સોગંદનામામાં થયો છે. રાજયસભાની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીએ ફરી એકવાર જયા બચ્ચનને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. જયા બચ્ચનની સાથે તેમના પતિ અમિતાભ બચ્ચનની કમાણી પણ નોમિનેશનમાં દાખલ કરવામાં આવેલી એફિડેવિટમાં સામે આવી છે. આ મુજબ, બચ્ચન દંપતી પાસે ૮૦૦.૪૯ કરોડ રૂપિયાની જંગમ સંપત્તિ અને ૨૦૦.૧૪ કરોડ રૂપિયાની સ્થાવર સંપત્તિ છે. એટલે કે બંને મળીને લગભગ એક હજાર કરોડ રૂપિયાની સંપત્તિના માલિક છે. અમિતાભ બચ્ચન પાસે ૧૨.૭૫ લાખ રૂપિયા અને જયા બચ્ચન પાસે ૫૭ હજાર રૂપિયા રોકડા છે.

# ત્રીજી ટેસ્ટ મેચમાં આજે રાજકોટમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટક્કર

(એ.આર.એલ),રાજકોટ,તા.૧૪



રાજકોટના ગ્રાઉન્ડમાં ચેતેશ્વર પુજારા અને જાડેજા રનનો વરસાદ કરી ચૂક્યા છે, રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમમાં ટેસ્ટ સિરીઝની ત્રીજી મેચમાં ભારત અને ઈંગ્લેન્ડની ટીમો સામસામે ટકરાશે. આ મેચ ૧૫ ફેબ્રુઆરીના રોજ રમાશે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૫ મેચની ટેસ્ટ સીરિઝ રોમાંચક જોવા મળશે. બન્ને ટીમે ૧-૧ જીત સાથે સીરિઝમાં બરાબરી પર ચાલી રહી છે. ૧૫ ફેબ્રુઆરીના રોજ રમાનારી મેચમાં પીચ ખુબ ખાસ હશે. રાજકોટની પીચની વાત કરીએ તો અહીં ખેલાડીઓ વરસાદની અડચણ વગર રમી શકશે. રાજકોટમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી મેચમાં આપણે ટિકિટની વાત કરીએ તો ૧૨૦ રુપિયાથી ટિકિટ શરુ થાય છે. આ ટિકિટ તમે ઓનલાઈન બુક કરી શકો છો. અહિ ઈસ્ટ, વેસ્ટ, સાઉથ, નોર્થમાં અલગ અલગ ટિકિટ હોય છે.

### અમિત શાહે ફોન કરીને કહ્યું કે ભારતીય જનતા પાર્ટીએ રાજ્યસભાની ટિકિટ તેમને આપવાનું પસંદ કર્યું છે, અમરેલી જિલ્લામાં આનંદ અને ગૌરવની લાગણી

# શ્રમ, સેવાના ભેખધારી ગોવિંદભાઈ ધોળકિયાને રાજ્યસભાની ટિકિટ










## ગોવિંદભાઈ ધોળકિયાએ પોતાના પરિવાર સાથે ચર્ચા કર્યા પછી અમિત શાહને ટિકિટ સ્વીકારી હોવાની સંમતિ આપી

## ગોવિંદભાઈ આજે ગાંધીનગર જશે અને રાજ્યસભાના ઉમેદવાર તરીકે ફોર્મ ભરશે

અમરેલી તા. ૧૪

આખરે ભાજપ દ્વારા ગુજરાતના રાજ્યસભાના ઉમેદવારોના નામની જાહેરાત કરી દેવામાં આવી છે. ભાજપ દ્વારા ગુજરાતના ૪ ઉમેદવારોના નામની જાહેરાત કરાઈ છે. સંખ્યાબળના અભાવે કોંગ્રેસે ફોર્મ નહીં ભરવાની જાહેરાત કરી છે. ભાજપ દ્વારા ગુજરાતમાંથી ચાર ઉમેદવારના નામ જાહેર કરવામાં આવ્યા છે તેમાં ગુજરાતમાંથી જે.પી. નડ્ડા, ગોવિંદભાઈ ધોળકિયા, મયંકભાઈ નાયક અને ડો. જશવંતસિંહ પરમારનું નામ જાહેર કરવામાં આવ્યુ છે. આ તમામ ઉમેદવારો આવતીકાલે ફોર્મ ભરશે. માત્ર ગુજરાત જ નહીં સમગ્ર દેશમાં જેમની સેવાઓનો વ્યાપ વિસ્તરેલો છે અને સેવા જ જેમનો ધર્મ છે એવા અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દુધાળા ગામના વતની અને હીરા ઉદ્યોગના સુરત સ્થિત આઈકોનિક સેવાકર્મી બિઝનેસમેન ગોવિંદભાઈ ધોળકિયાને ભારતીય જનતા પાર્ટીએ રાજ્યસભાની ટિકિટ આપવાનું પસંદ કરતા સુરત ઉપરાંત અમરેલી જિલ્લામાં પણ આનંદ અને ગૌરવની લાગણી લોકો અનુભવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે રાજ્યના ચાર સેવાકર્મીઓને ભારતીય જનતા પાર્ટીએ રાજ્યસભાની ટિકિટ આપી છે. આજે સવારે લગભગ સાડા દસ વાગ્યાના સુમારે ખુદ અમિત શાહે ફોન પર ભારતીય જનતા પાર્ટીએ પસંદગીનો કળશ ગોવિંદભાઈ ધોળકિયા ઉપર ઢોળ્યો હોવાની વાત કરી હતી.

ગોવિંદભાઈ ધોળકિયાએ શરૂઆતમાં પોતે તો માત્ર સેવા ધર્મ બજાવી રહ્યા છે અને રાજકારણ પોતાનું કામ નહીં હોવાનો પ્રતિભાવ આપ્યો હતો પરંતુ અમિત શાહે પોતાનો આગ્રહ જારી રાખ્યો હતો ત્યારે તેમણે પરિવાર સાથે ચર્ચા કરીને જવાબ આપશે એવું જણાવ્યું હતું અને ત્યારબાદ અડધી કલાક બાદ તેમણે અમિત શાહને હા પાડી હતી. ગોવિંદભાઈના પારિવારિક સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર ગોવિંદભાઈ આજે ગુરુવારે ગાંધીનગર જશે અને રાજ્યસભાના સાંસદ તરીકે ફોર્મ ભરીને તેની ફોર્મલ પ્રોસેસ પૂરી કરશે.

### મારો તો ધર્મ જ લોકોની સેવાનો છેઃ ગોવિંદભાઈ ધોળકિયા

ભારતીય જનતા પાર્ટી વતી અમિત શાહે ફોન કરીને રાજ્યસભાની ટિકિટ તેમને આપવાના નિર્ણય અંગે વાત કર્યા પછી અને તેનો સ્વીકાર કર્યા પછી સુરતમાં ગોવિંદભાઈ ધોળકિયાએ મીડિયા સાથે વાત કરી હતી અને તેમાં તેમણે જણાવ્યું હતું કે મારો પ્રથમ ધર્મ લોકોની સેવાનો છે અને રાજકારણ એ મારો ધર્મ નથી પરંતુ જ્યારે રાજકારણ દ્વારા પણ આ સેવાનો વ્યાપ વધશે તેવી ખાતરી મળતા પોતે આ ટિકિટ સ્વીકારી છે.

### લાઠીમાં ગોવિંદભાઈની અનોખી અને અદભુત આરોગ્ય સેવા

ગોવિંદભાઈ ધોળકિયાની અનેક સામાજિક સેવાઓમાં મેડિકલ સેવાઓ અનોખી છે. તેમના દ્વારા તેમના વતન લાઠીમાં લાલજી દાદાનો વડલો એક અનોખું આરોગ્ય સેવા સ્થાન છે. અહીં ગરીબોને અનેક પ્રકારની આરોગ્ય સુવિધાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ સેવા સંકુલમાં તેમની માતા સંતોકબેનના નામે સંતોકબા મેડિકલ સ્ટોર પણ છે. એમના પિતાજીના નામે ચાલતા લાલજી દાદાના વડલાના અંદરમાં રૂપિયા એક કરોડની રોકડ સાથેનો મેડિકલ એવોર્ડ પણ આપવામાં આવે છે તેમ લાલજી દાદાના વડલાના કમિટી મેમ્બર અને રસોડા વિભાગ સંભાળતા કાળુભાઈ ભીકડીયાએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે આ સેવા સંકુલમાં ભીમજી દાદા સ્નેહા અમૃત નામનું એક સદાવ્રત પણ ચાલે છે.

### દુધાળામાં ૩૫૦ ઘરને વિનામૂલ્યે સોલાર લાઈટ ઉપલબ્ધ કરાવી

દુધાળામાં ૩૫૦ ઘરને સોલાર લાઇટ પ્લેટ ઉપલબ્ધ કરાવી આપવાની એક અનોખી સેવા પણ ગોવિંદભાઈ ધોળકિયાએ કરી છે. તો ડાંગ જિલ્લામાં ૩૦૦ થી વધુ હનુમાનજી મંદિર બનાવવાનું ભગીરથ કાર્ય પણ ગોવિંદભાઈ ધોળકિયા દ્વારા ચાલી રહ્યું છે. આ ઉપરાંત નાગાલેન્ડમાં પણ શિવ મંદિરનું સર્જન કરવાનું ધર્મકાર્ય ગોવિંદભાઈ ધોળકિયાએ કર્યું છે.

### અનોખી સ્કોલરશીપ - ગીતા કંઠસ્થ કરનાર છાત્રને અધ્યાય દીઠ ૩૦૦૦

સાંસ્કૃતિક પ્રવૃત્તિને વેગ મળે અને આવનારી પેઢી ધર્મને ભૂલે નહીં તે માટે ગોવિંદભાઈ ધોળકિયા દ્વારા એક અનોખા પ્રકારની સ્કોલરશીપ યોજના ચલાવવામાં આવે છે. જેમાં શ્રીમદ ભગવદ્ ગીતાનો અધ્યાય કંઠસ્થ કરનાર વિદ્યાર્થીને અધ્યાય દીઠ રૂપિયા ૩૦૦૦ ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. વિદ્યાર્થી એકથી વધુ અધ્યાય કંઠસ્થ કરે તો તેને તે પ્રમાણે શિષ્યવૃત્તિ ચૂકવાય છે. સાંસ્કૃતિક સેવાનું આ એક અનોખું ઉદાહરણ છે.

### બાર ગામોમાં ગરીબોને વિનામૂલ્યે ઘરે ટિફિન પહોંચાડવાની સેવા

ગોવિંદભાઈ ધોળકિયા દ્વારા ચાલતી અનેક પ્રકારની સેવાઓમાં ગરીબ લોકોને વિનામૂલ્યે ટિફિન દ્વારા ભોજન પહોંચાડવાનું મહાકાર્ય પણ થઈ રહ્યું છે. અમરેલી જિલ્લાના બાર ગામોમાં ૧૭૫ વ્યક્તિઓને દરરોજ ટિફિન દ્વારા ભોજન પહોંચાડવામાં આવે છે. દરરોજ કોઈપણ પ્રકારની રૂકાવટ વગર નિયમિત રીતે ગરીબોને ઉંચી ગુણવત્તા વાળું આરોગ્યપ્રદ ભોજન પહોંચી જાય છે.

### ગોવિંદભાઈને ટિકિટ મળતા લાઠીમાં ઉત્સવનો માહોલ

લાઠી લાઠી ગામ અને સમગ્ર તાલુકામાં પોતાની સેવાનો અનોખો વ્યાપ ધરાવતા દુધાળા ગામના વતની ગોવિંદભાઈને રાજ્યસભાના ઉમેદવાર તરીકે ભારતીય જનતા પાર્ટીએ પસંદ કરતા લાઠીમાં ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો. લાઠીના લોકોએ ફટાકડા ફોડીને તેમજ ઢોલ નગારા વગાડીને અને સામૈયું કરીને આ ઉત્સવ મનાવ્યો હતો.


### ગોવિંદ કાકાને અમિત શાહ સાથે શું વાત થઈ?

ટિકિટ સ્વીકારતા પહેલા ફોન પર પ્રથમ તો ગોવિંદ કાકાએ અમિત શાને એમ કહી દીધું હતું કે રાજકારણ એ મારું કામ નથી હું તો માત્ર સેવા કાર્ય કરું છું અને ચૂંટણી લડવી પણ મને પસંદ નથી. ત્યારે તેના જવાબમાં અમિત શાહે કહ્યું હતું કે રાજ્યસભા એ કોઈ રાજકારણ નથી અને તમારે ચૂંટણી લડવાની પણ નથી પરંતુ તમારી સેવાનો આનાથી વ્યાપ વધશે. ત્યારે આના જવાબમાં પોતાના પરિવાર સાથે ચર્ચા કરીને ગોવિંદ કાકાએ અમિત શાહને હકારાત્મક જવાબ આપ્યો હતો.

# દેશ વિરોધી પ્રવૃત્તિઓ ન થાય તે માટે દ્વારકા જિલ્લાના ૨૧ ટાપુઓ પર લોકોની અવરજવર પર પ્રતિબંધ

દ્વારકા,તા.૧૪

દ્વારકા જિલ્લાની સમુદ્ર સીમામાં આવેલા ૨૧ જેટલા ટાપુઓ પર લોકોની અવરજવર પર રોક લગાવવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા અધિક કલેકટરે જાહેરનામું બહાર પાડી પ્રતિબંધ લગાવ્યો હતો. સમુદ્ર તટથી ૩ તરફથી જોડાયેલા દ્વારકા જિલ્લામાં કુલ ૨૪ ટાપુમાંથી ફક્ત ૨ ટાપુ પર જ માનવ



વસાહત છે. ત્યારે સમુદ્ર રસ્તે દેશ વિરોધી પ્રવૃત્તિઓ ન થાય તે હેતુથી દેશની સુરક્ષાની દ્રષ્ટિએ ૨૧ જેટલા નિર્જન ટાપુ પર જવા રોક લગાવવામાં આવી છે.

આ ૨૧ નિર્જન ટાપુ પર કોઈપણ વ્યકિત ધાર્મિક પ્રવૃતિના નામ પર દેશ વિરોધી પ્રવૃત્તિ ના કરે તે બાબતે સુરક્ષા વ્યવસ્થા કડક કરાઈ હતી. થોડા સમય પહેલા જ સમુદ્રી વિસ્તારો પર મેગા ડીમોલિશન પણ હાથ ધરાયું હતું. ભગવાન શ્રી કૃષ્ણની દરિયામાં ડુબેલી દ્વારકા નગરીના પણ હવે દર્શન થઈ શકશે. આ માટે હવે મોટા સમાચાર સામે આવ્યા છે.

# ભાજપના રાજ્યસભાના ઉમેદવારોના નામ જાહેર, જે.પી. નડ્ડા ગુજરાતમાંથી ઉમેદવાર

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૧૪

આ વખતે મનસુખ માંડવિયા અને પરસોતમ રૂપાલાને રાજ્યસભામાં રિપીટ કરવામાં આવ્યા નથી. તેમની ૨ ટર્મ થઈ ગઈ હોવાથી તેમને રાજ્યસભામાં ન મોકલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. લોકસભા ચૂંટણી નજીક આવી રહી છે, ત્યારે ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજ્યસભામાં આ ઉમેદવારોને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યુ છે. ગુજરાતની ૪ બેઠક સહિત રાજ્યસભાની ૫૬ બેઠક માટે ચૂંટણી કાર્યક્રમ કેન્દ્રીય ચૂંટણી પંચે જાહેર કરી દીધો છે. ૧૫ રાજ્યમાં ૫૬ બેઠક ખાલી પડી રહી છે, જેના માટે ૨૭ ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાશે. ગુજરાતની ચારેય રાજ્યસભાની બેઠકો ભાજપના ફાળે જવાની છે. અત્યાર સુધી ૨ બેઠક ભાજપ અને ૨ બેઠક કોંગ્રેસ પાસે હતી. જો કે સંખ્યાબળના અભાવે કોંગ્રેસે ફોર્મ નહીં ભરવાની જાહેરાત કરી છે. હવે ૧૫૬ ધારાસભ્યોની સંખ્યા હોવાથી આ ચારેય બેઠક પર ભાજપનો કબજો રહેશે. જે.પી. નડ્ડા મૂળ હિમાચલ પ્રદેશના છે. વિદ્યાર્થીકાળ દરમિયાન જે.પી. નડ્ડા રાજકારણમાં આવ્યા હતા. તેમણે જય પ્રકાશ નારાયણના વિવિધ આંદોલનોમાં સક્રિયપણે ભાગ લીધો હતો. વર્ષ ૧૯૯૩માં તેઓ હિમાચલ પ્રદેશની બિલાસપુર સદર વિધાનસભા બેઠક પરથી પ્રથમ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકે પણ ચૂંટાયા હતા. ૧૯૯૮માં તેઓ ફરી એકવાર ધારાસભ્ય બન્યા હતા.


નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
અમરેલી - ૩૬૫ ૬૦૧
ફોન નં : (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭
સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે
70 9696 0000
મીસકોલ કરો અને SMS થી ભાવ જાણો.
તેમજ Whatsapp DP માં ભાવ જુઓ.

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડો. ચિરાગ વી.કુબાવત (M.B.D.G.O.) Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રી રોગ પ્રસુતી તથા દુરબીનથી તથા ઓપરેશનના નિષ્ણાંત
અમરેલી જીલ્લામાં દુરબીનની થતા ગાયનેક ઓપરેશનોના પહેલા નિષ્ણાંત
ઉપલબ્ધ સુવિધા :- ■ નોર્મલ/જોખમી સિઝરીયન ડીલવરી ■ પેઈનલેસ (પીડા રહીત ડીલવરી) 3D/4D કલર ડોપલર/ ખોડખાપણની સોનોગ્રાફી ■ ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન ■ વંધ્યત્વની વૈજ્ઞાનિક/ આધુનિક સારવાર/IUI ■ ૨૪ કલાક કાર્યરત લીફટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સ સુવિધા
ડો. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
-: ઉપલબ્ધ સુવિધા :-
■ રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU ■ આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણ વાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર ■ જન્મથી ૧૭ વર્ષ સુધિના બાળકોની તપાસ/સારવાર
જુના પાંચમાળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી - મો.૯૭૨૩૭ ૯૯૦૯૧
ઓપીડી સમય
સોમ-શનિ સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮

પ્રવેશ રજીસ્ટ્રેશન શરૂ – વિદ્યાસભા
શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૪-૨૫ માટે પ્રવેશ રજીસ્ટ્રેશન તારીખ ૧૫/૦૨/૨૦૨૪ ગુરૂવારથી શરૂ કરવામાં આવશે.
બાલમંદિર થી ધોરણ : ૧૨ સાયન્સ/ કોમર્સ/ આર્ટ્સ માં ખાલી સીટ પર નવા સીટી/ હોસ્ટેલ પ્રવેશ રજીસ્ટ્રેશન કરવામાં આવશે.
સ્કુલ કાર્યક્ષેત્ર
બાલમંદિર થી ધોરણ-૧૨
સાયન્સ/કોમર્સ / આર્ટ્સ
ગુજરાતી માધ્યમ/ અંગ્રેજી માધ્યમ
ભાઈઓ તથા બહેનો
હોસ્ટેલ કાર્યક્ષેત્ર
ધોરણ : ૪ થી કોલેજ
ભાઈઓ -બહેનો
પ્રવેશ હેલ્પ લાઈન શરૂ
૯૪૨૬૨ ૩૫૩૩૫
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ
પ્રાયમરી- સેકેન્ડરી- હા. સેકેન્ડરી સ્કૂલ
વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી